યહ તો મેરે પ્રાણજીવન ધન, દાન દીયો હે શ્રી વલ્લવર ॥૨॥
પુષ્ટિ પ્રકાર પ્રગટ કરવે કો ફિર પ્રગટે શ્રી વિઠ્ઠલવપુ ધર ।
રસિક સદા આસ ઈનકી કર વલ્લભીયનકી ચરણરજ અનુસર ॥૩॥

પદ-૬૭૧ તાદૃશી વૈષ્ણવનાં લક્ષણો

તાદૃશીજન તેને જાણીએરે, જેમાં એવા ગુણ હોય રે
નિંદાસ્તુતિ ના કરે કોઈની, સઘળે સમદ્રષ્ટે જોય રે
દર્શન કરતાં માત્રમાં રે, ભૂલાયે પ્રપંચનું ભાન રે
સ્મરણ કરાવે શ્રીકૃષ્ણનું, નસાડે અઘ અજ્ઞાન રે
સકળ ચરાચરને વિષે રે, વસ્યા દેખે ભગવાન રે
શુભ ઈચ્છે સરવ જગતનું, લેશ નહિ અભિમાન રે
ગુણ ગાતાં ગોવિંદના રે, પુલકિત તનુ થાય રે

નેત્રે પ્રવાહ વહે પ્રેમના, હરખે હૃદય રુંધાય રે
પર દુઃખે દાઝે ઘણું રે, કરે કોઈનો ના દ્રોહ રે
ઈંદ્રિયજિત સાચા સદા, ના પામે માયામાં મોહ રે
અકળ લીલા નંદલાલની રે, તેમાં લગ્ન તેનું મન રે
પ્રીત બહુ ઉપકારમાં, સદા પ્રસન્ન વદન રે
નટવર ઝળકે નેત્રમારે, કાંતિ કરુણામય હોય રે
શાંત સ્વભાવ સંતોષ બહુ, દોષ કોઈના ન જોય રે
વહાલા લાગે સહેજે સર્વને રે, અતિ ઉદાર જેનું ચિત્ત રે
અનન્ય ભાવ ભજે કૃષ્ણને, જેને વહાલું નહિ વિત રે
હરિ, ગુરુ, વૈષ્ણવને વિષે રે, જેને સદા અતિ વહાલ રે
દ્રઢ વિશ્વાસ, અતિ દીનતા, બોલે વચન રસાલ રે
સેવા, સ્મરણ, સત્સંગમાં રે, જેની આસક્તિ અતિ રે
કપટ તો લેશ નહિ હ્રદે, હરિ ચરણે સદા મતિ રે
વ્યસનાવસ્થા વિઠ્ઠલે શું રે, સદા મુખે કૃષ્ણ નામ રે
તે ભગવદીય તણા દાસનો, સદા દાસ દયારામ રે

પદ-૬૭૨ શ્રી વલ્લભ

સેવા સ્મરણ પરમ પદારથ પ્રેમ લક્ષણા
અન્યાશ્રય મન વચન કર્મ મહા બાધક
ભોગ વિલાસ નિવેદની થઈને! કરો વિચાર
ધ્યેય અમારું રસ રીત પ્રીતનું પામવું જ તે
શ્રી વલ્લભ ચરણ રજ પ્રીત જીવનહિત
વલ્લભ તજ અનત ન જઈએ ઉર ધરીએ
મહાસાગર વલ્લભ રસ રૂપ ડૂબે સો પાયે
રસ વિલાસ શ્રીવલ્લભ દમલા એક રસ વ્હે
વલ્લભ યોગી શ્રી દમલા પરાગ મુગ્ધ પીવત
રોમ યુગલ રોમ રોમ વલ્લભ દેખ ચકિત

ગઝલ

પદ-૬૭૩

“હે પથિક ચલદે અપને વતનમેં” રે મન સમજ સમજ તું મેરા ।
તોડ દે નાતા માનવસે યહાં નહિ કોઈ તેરા ॥૧॥

દુનિયા હે મુસાફર ખાના કહા ડારે હમ ડેરા ।
જહાં પાંવ રખ્તે હે તહાં તહાં હોત કંટકકા ઢેરા ॥૨॥

જગત સબે અપની મતલબ કે લૂંટ લેગા ધન તેરા ।
જનમ જનમ કા સચ્ચા સાથી કરત હે હૃદય બસેરા ॥૩॥

યોગીન બનકર પેઠજા ભીતર ખોજલે પ્રીતમ પ્યારા ।
પિયુ પિયુ કી પ્રણય દર્દભરી કરના તુ અખંડ પુકારા ॥૪॥

ચકોર બનકર પિય મુખ ચંદકા અમૃત પીના અનેરા ।
વિટપ વિટપ પે દિવ્ય દ્વિજોકા સુન જે મધુર ટહુકારા ॥૫॥

સૌરભ ભરી દિવ્ય કુંજોમેં મસ્ત ફીરના રેન સવેરા ।
મહાસૌન્દર્ય વલ્લભાઓકા જહાં હે યુથ અપારા ॥૬॥

માધુર્યતા કા હે ખજાના મૂલકા વચન તિહારા ।
તડફત પ્રિય મિલન “માધુરી” અબ નહિ કરના અવેરા ॥૭॥

પદ-૬૭૪ રાગ વિલાસખાની તોડી

કુરબાની જાન તુમ પર નિછાર કરતે હે ।
હમ તુમ્હે દેખી શ્રી વલ્લભ જીવા કરતે હે ॥
પ્રેમ વેલી કો પાની દીયા કરતે હે ।
કબ પકેગી યહ કલિ તકા કરતે હે ॥
હરદમ તુમ્હારે હી ચરણોંકા ધ્યાન કીયા કરતે હે ।
મદમસ્ત ગજરાજ જીમ ચુવા કરતે હે ॥
કોઈ પુછે આકર મસ્ત ક્યા કરતે હે ।
આગેકી મંજીલ સાફ કીયા કરતે હે ॥

પદ-૬૭૫ રાગ કવિત

ચાહેગા રહેના અંધા મૂખ નહી દેખે અવરકા ।
નિર્જન અરણ્યમેં વાસ સંગ નહિ સોહાતા કીસીકા ॥

રૂચતા હૈ મૌન રહનેકા, બાત નહી કરેગા પરસે ।
ન્યોછાવર પ્રાણકી કરકે સંગ નહિ છોડે પ્રિયતમ સેં ॥

તડફતા રહેતા હે નિશદિન, તોભી સુખ ચાહે સ્વામીકા ।
મરમર જીનેકું સીખા તજેગા સ્વાદ વિષયકા ॥

ઓરનસે તોડેગા નાતા, સદા ધ્યાન રહે વાલમકા ।
પ્રિયમય વિશ્વ બનાકર, વહાં વાસ કરે સદાકા ॥

દિવ્ય દુનિયામેં રહેકર, આનંદ લૂટેગા અનંતકા ।
દિવાની મધુ ઈનમેં, ડૂબેગી જો સખાહે તીનકા ॥

પદ-૬૭૬ વધાઈ પદ

પ્રભુ શ્રી લછમનગૃહ પ્રકટ ભયે ।
હરિ લીલા રસ સિંધુ કલાનિધિ, બચન કિરન સબ તાપ ગયો ॥૧॥

માયાવાદ તિમિર જીવનકો, પ્રગટન નાસ ભયો ઉર અંતર ।
ફૂલે ભક્ત કુમુદિની ચહું દિસ, શોભિત ભયે ભક્તિ મનસા સર ॥૨॥

મુદિત ભયે કમલ મુખ તિનકે, બિરથા બાદ આયે ઠાનત બલ ।
ગિરિધર અન્ય ભજન તારાગન, મંદ ભયે ભાજિ ગાવત ચંચલ ॥૩॥

પદ-૬૭૭ વધાઈ પદ

શ્રી વલ્લભ ન હોતે તો દૈવી જન સબ રોતે
કોનકો મુખ જોતે ઔર કોન કો માનવતે
પંચામૃત વચનામૃત અધરામૃત ચરણામૃત
અમૃત ન હો તો વિષયી વિષ પામતે
શ્રી વલ્લભજી કો ઉપકાર જન જીવન સે
પુષ્ટિ ભક્ત હી કો કહો સ્વાદ કહાં જાનતે

કરતે ન સેવા સબ આસુરી હી સૃષ્ટિ હોતી
જો પે રસ વૃષ્ટિ ન વલ્લભ વર ખામતે

પદ-૬૭૮ રાગ સોહિની

શ્રી વલ્લભ ગુન ગાન કીયે ।
કલિ પાખંડ પ્રચંડ નહિ લાગત ત્રિવિધ તાપ તમ દૂર કીયે ॥૧॥
પ્રેમ પુલક સુખ કમલ મનોહર, રોમ રોમ આનંદ લીયે ।
પરમ પ્રશન્ન રહત ઉર અંતર નાથ પ્રિયે નવનીત હિયે ॥૨॥
સબ સાધન સુકૃત ઓર વૃતકો ફલ ગહત એક નામ લીયે ।
પરમાવિધ પૂરણ પુરૂષોતમ ભજનાનંદ પીયૂષ પીયે ॥૩॥
જય મંગલ જય કારજ સો ઘર, જન કૃત જગ અવતાર લીયે ।
જન થીરદાસ જાય બલિહારી, શ્રી ગિરિધારી ગતિ દાન દીયે ॥૪॥

પદ-૬૭૯

ભરોસો શ્રી વલ્લભ કૌ કરિયે ભાવ અનન્ય રસ માર્ગ ભક્તિ કૌ ।
યહ વ્રત હૃદય મેં ધરિયે સેવા પ્રીતિ રિતિ વ્રજ ભક્તન કી ।
નિત પ્રીતમ કૌ રિઝૈયે ગ્રંથ પાઠ સુમરન ગોવિંદ કો 'માધવ' હૃદય બસૈયે

પદ-૬૮૦ માહાત્મ્ય વધાઈ

માનસી સેવા ગિરિધરન લાલ કી, કમલ કહત કરત! અનુરાગી
યા કૌ સાધન તનુ બિત્તજા, નિત પ્રિત યહ રટ લાગી ।
યા તે હોત સંસાર દુઃખ નિવૃત્ત બ્રહ્મ બોધ રસ પાગી,
સબ શાસ્ત્રન કો સાર યહી હે માધવ સદા સુહાગી

પદ-૬૮૧ માહાત્મ્ય વધાઈ

પુષ્ટિ લીલા પ્રકટ કરન કો ભૂતલ પર વલ્લભ અવતાર
ફૂલે ભાગ્ય સબ દૈવી જીવન કે સુફલ ભયો જીવન કો સાર
મિથ્યા વાદ અંધકાર નસાયૌ શરણાગત ન ભયે પાર
માધવ વારંવાર કહત હૈ ઔર નહીં નિસ્તાર ॥

પદ-૬૮૨ શ્રી હરિ

શ્રી વલ્લભનું પદ શુદ્ધ સારંગ ત્રિતાલ

મધુર રસ શ્રીવલ્લભ સુખધામ
લલિત રસ શ્રી ગિરિધર અભિરામં ॥

દૈવી જીવન ઉદ્ધારન આયે, પુરૂષોત્તમ તજી ધામ
પરમ પવિત્ર વિચિત્ર મનોહર, એક રૂપ દ્વે નામ ॥૧॥

અગ્નિકુંડ તેં એક ગિરિવર, તે પ્રગટે લલિત લતાન
લલિત સખી એક સંગ ચલી આઈ, લલિતા જાકો નામ ॥૨॥

શ્રાવણ માસ અમલ એકાદશી, સુખનિધિ ગોકુલ ગામ
બહત સુવાસ ઉમંગ ચલી યમુના, ઝરત મંદ ઘનશ્યામ ॥૩॥

એક ગહત હર એક મહાવત, બાંધ લિયે બિન દાસ
નિજ પરિવાર હિત ભુતલ આયે, કુસુમ કલેવર શ્યામ ॥૪॥

પદ-૬૮૩ શ્રી મહાપ્રભુજીની વધાઈ

આજા ભયૌ સાંચો મંગલ, ભુવ પ્રગટે શ્રી વલ્લભ સુખધામ
કરૂના સિન્ધુ સકલ–રસપોષક, પતિત ઉધારન જાકો નામ ॥૧॥

દૈવી જીવન અભયદાન હે, રસિક જનન કે પૂરે કામ;
'હરિશ્ચંદ્ર' પ્રભુ મંગલ મૂરતિ, ગૌર–શ્યામ તન એક લલામ ॥૨॥

વધારાનાં પદો

શ્રી દામોદરદાસજીની વધાઈ–ધોળ

પદ-૬૮૪ રાગ સારંગ

આજ વધાયો મંગલ ચાર ।
માધ માસ શુક્લ ચોથ હૈ, હસ્તનક્ષત્ર રવિવાર ॥૧॥

પ્રેમ–સુધા–સાગર–રસ પ્રગટ્યો, આનંદ બઢ્યો અપાર ।
દાસ 'રસિક' જન જાય બલિહારી, રસબસ દિયોવાર ॥૨॥

પદ-૯૮૫ રાગ સારંગ

પ્રગટે ભક્ત સિરોમનિ રાઈ ।
માધ માસ જુ શુકલ ચતુર્થી, અધિકલોક નિધિ આઈ ॥૧॥

દૈવીજીવ કે ભાગ્ય ઉદય ભયે, જિન યહ દર્શન પાઈ ।
કરિ કરુના પ્રભુ ભૂતલ આયે, પૃષ્ટિ પથ પ્રગટાઈ ॥૨॥

મહામહોત્સવ હોત જુ ઘર ઘર, ફૂલે અંગ ન માઈ ।
'રસિકદાસ' ચિત યેહી ચાહત હૈ, ચરન કમલ મન લાઈ ॥૩॥

પદ-૯૮૬ રાગ ભૈરવ

વન્દૌ શ્રી દામોદરદાસજી હરસાની ।
સખી સ્વરૂપ શ્રી 'લલિતાજી' કો, ભૂતલ પ્રકટી જાની ॥૧॥

રોમ રોમ શ્રી વલ્લભ ઝલકે, અદેયદાન કે દાની ।
શ્રી વલ્લભ બિન કછુ ન જાનત, ઈનકે રૂપ લુભાની ॥૨॥

શ્રી વલ્લભ કે મુખ્ય સેવક યહ, ગૂઢભાવ રસખાની ।
'લાલદાસ' યહ સબ વૈષ્ણવ કે મૂલરૂપ પહિચાની ॥૩॥

(રચયિતા : કીર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ)

પદ-૯૮૭ રાગ બિલાવલ

(ચોખરા)

શ્રી દામોદરદાસ હરસાની, પ્રાણપતિ પદરજ રતિ માની ।

તન મન પ્રાણ સમર્પણ કીના, નિજ પ્રભુ સત્ય અનન્ય વ્રત લીના ॥

છંદ

લીના અનન્ય વ્રત નાથ નિત્ય સંગ, અર્થ જગકે ત્યાગહી ।

ગૂઢ ભાવસોં ભજન કીને, પરાકાષ્ટ અનુરાગ હી ॥

જીનકી કૃપા પદરજ પ્રતાપે, પ્રાણવલ્લભ પાઈએ ।

ચોરાશી મહાભાગ્ય નીજજન કે વિમલ ગુણ ગાઈયે ॥

(રચયિતા—પ.ભ. વિષ્ણુદાસ છીપા)

પદ-૬૮૮ રાગ બિલાવલ

(ચોખરા)

પુષ્ટિ ભક્તિ દશ રૂપ એક હૈ, ભૂતલ નર તનુ ધાર્યો ।
વ્યાપક અતિ સૂક્ષિમ અનૂપરસ, તિનિ કલિ દોષ નિવાર્યો ॥૧॥
યુગલ ભાવ મૂરતિ અતિ સુંદર, નખ સિખ લીલા જ્યોતિ ।
જગમગાતિ આનંદ સિંધુ વપુ, રાસ સુધામય હોતિ ॥૨॥
શ્રી વલ્લભાચાર્ય વર પાયે, સુખ સુહાગ રસ રાચી ।
ગુપ્તભાવ ભાવના ઉદય મધુ, રમા નિરંતર નાચી ॥૩॥
શ્રી દામોદરદાસ નામ સુચિ, શ્રુતિ સમૂહ હર્ષાની ।
શ્રી શુક બદન વાક વપુ ઉદ્ભવ, રૂપ રહ્યો ઉર છાની ॥૪॥
દૂજો દ્વાદશ વર અતિ મોહન, જો અસ્કંધ કહાય ।
હૈ સમિષ્ટિ વપુ એક રૂપ લે, દમલા અમલ કહાય ॥૫॥
રિતુ બસંત આગમ કે પૂરવ, મહા મહોત્સવ ખાનિ ।
આયે પ્રણત પલિવે 'વલ્લભ', સકલ મનોરથ દાનિ ॥૬॥

પદ-૬૮૯ રાગ બિલાવલ

(ચોખરા)

શ્રીમદ્ પુષ્ટિ ભક્તિ ભુવિ આઈ ।
ભક્ત ભેષ ભર તનુ અતિશોભા, ગુપ્ત પ્રેમ પ્રભુતાઈ ॥૧॥
કલિ કોં સબ શ્રુતિ નિંદત સો કલિ, અતિ પવિત્ર સો કીનો ।
કૃત ત્રેતા દ્વાપર કો સ્વામી, કૃપા તિલક શિર દીનોં ॥૨॥
દશધા ભક્તિ હેત દશ વપુલે, રચી પ્રીતિ પરિપાટી ।
સહજ ચારિ સમ્પ્રદ ઉદય વર, લલિત સુલભ ભઈ ઘાટી ॥૩॥
જિનકે પ્રકટ હોત બ્રજલીલા, આઈ સહિત સમાજ ।
ગાય ગોપ ગોપી યમુના ગિરિ, આયો સબ સુખ સાજ ॥૪॥
દશસ્વરૂપ બ્રજચંદ નંદ કે, સેવા કો રસ લેન ।
શ્રીવલ્લભાચાર્ય પરિકર યહ, 'વલ્લભ' જન સુખદેન ॥૫॥

પદ-૬૯૦ રાગ બિલાવલ

(ચોખરા)

શ્રી દામોદરદાસ હરસાની અતિ હરખે ભર્યા,
ઉપર બેઠા જોતા હતા વાટ જો;
ભાઈ સર્વે ધન કાઢીને ઢગલા કર્યા,
તેના સામું જોયું નહિ લગાર જો —શ્રી દામોદરદાસ ॥૧॥
એટલામાં તો પ્રભુ પોતે પધારીયા,
આવતાં નિરખ્યા પોતાના નિજ નાથજો;
દોટ મેલીને દોડી પાસે આવીયા,
પડ્યા પાય ને જોડ્યા છે બેઉ હાથ જો —શ્રી દામોદરદાસ ॥૨॥
હાથ સાહીને પ્રભુ તો પોતે ઉઠાડીયા,
પૂછ્યું દમલા આવ્યો તેની વાર જો;
શીશ નમાવી સ્વામી પ્રત્યે બોલીયા,
વાટ ક્યારની જોતો હતો મહારાજ જો —શ્રી દામોદરદાસ ॥૩॥
ત્યાંથી સાથે તેડી પોતે પધારીયા,
આવ્યા શ્રી ગોકુળ માંહે શ્રી ગોવિંદ ઘાટ જો;
બ્રહ્મસંબંધની આજ્ઞા પ્રભુએ ત્યાં કરી,
વચન સુણ્યાં પણ સમજ્યા નહિ તલ માત્ર જો—શ્રી દામોદરદાસ ॥૪॥
ત્યાંથી શ્રી ગોવર્ધન ઉપર પધારીયા,
આવી પોઢ્યા છોંકર છાંયા માંહ્ય જો;
પછી પધાર્યા શ્રી ગોવર્ધનનાથજી,
હાથ થંભીને રાખ્યા વેગળા તાંહ્ય જો —શ્રી દામોદરદાસ ॥૫॥
ત્યારે શ્રી વલ્લભ ખીજીને એમ બોલીયા,
દાસપણું તે જાણીને અપરાધ જો;
ત્યારે શ્રી મુખેથી શ્રીજી બોલ્યા,
દાસધર્મ રાખ્યો માટે નહિ બાધ જો —શ્રી દામોદરદાસ ॥૬॥

એક સમે શ્રી વલ્લભ પોતે બોલીયા,
પુષ્ટિમાર્ગ ચલાવ્યો પ્રકાશ જો;
તે તો દમલા તારે સારૂં જાણ જો,
રહેશે રૂદેમાં રહેશે કરીને વાસજો —શ્રી દામોદરદાસ ॥૭॥
એવી કૃપા જાણી શ્રી ગુંસાઈજીએ,
પોતે કરાવ્યું પિતાનું ત્યાં શ્રાદ્ધ જો;
દક્ષિણા માગી ત્યારે પોતે કહ્યું,
સિદ્ધાંત રહસ્યના દોઢ શ્લોકની વાત જો —શ્રી દામોદરદાસ ॥૮॥
એવી કૃપા જાણી શ્રી વિઠ્ઠલનાથજી,
બેસાડતા તે ગાદી અડધો હાથ જો;
ચરણામૃત તો પોતાનું આપે જ નહિ,
એવા મોટો જાણી શ્રી વલ્લભદાસજો —શ્રી દામોદરદાસ ॥૯॥
ત્યારે શ્રી વલ્લભ મુખેથી બોલીયા,
મુજમાં ને શ્રી ગુંસાઈજીમાં નથી કોઈ ભેદ જો;
માટે ચરણામૃત તો તું લેજે સદા,
શ્રી વલ્લભવાણી કહી તે જાણીને વેદજો —શ્રી દામોદરદાસ ॥૧૦॥
ત્યારે પોતે આવીને વિનંતી કરી,
મને કૃપા કરીને આપો શ્રી મહારાજ જો;
ત્યારે પોતે કૃપા કરીને આપીયા,
'વલ્લભદાસ'ના સરીયાં સઘળાં કાજ જો—શ્રી દામોદરદાસ ॥૧૧॥

પદ-૬૯૧ અક્ષમ્ય અપરાધની નિવૃત્તિનો ઉપાય

શ્રી દામોદરદાસ! કૃપાનિધે! મહા અપરાધથી મને મુકાવો!
મેં દુભવ્યો પરિવાર આપનો શરણપડ્યો માટે વિનતીનો દાવો ॥
નહિ પ્રાયશ્ચિત જે પાપના તે નિત્ય બને જ દપિ ન પસ્તાવો ।
દુષ્ટ સ્વભાવ હરો દુર્મતિ મારી દહો થયાં થવા થકી બચાવો ॥

દુષ્ટ દયાળ છો મહા સહિષ્ણુ અતિ મૃદુ હૃદય ભક્તમણિ કહાવો ।
દુષ્ટ સ્વાભાવિક જીવ અશક્ય છું દો લક્ષણ પ્રભુ ભાવું ને ભાવો ॥
કાલ કર્મ માયા ભવ ભય હરો સહજ કૃપા ત્રણ તાપ ન તાવો ।
પુષ્ટિ સૃષ્ટિ અગ્રેશ "દયા" પ્રભુ કર ગ્રહી મુજને શ્રીકૃષ્ણ મિલાવો ॥

આ પદમહાનુભાવ શ્રી દયારામભાઈ કૃત છે. વલ્લભ સૃષ્ટિના જે પિતામહ છે. પુષ્ટિમાર્ગના જે સ્થંભરૂપ મૂલરૂપ છે. પુષ્ટિમાર્ગ જેના માટે પ્રગટ કરવામાં આવ્યો છે. પુષ્ટિ સૃષ્ટિમાં સર્વની આત્મારૂપે જે વ્યાપીને રહેલ છે. તેવા શ્રીમદ્ દામોદરદાસજી (શ્રીદમલાજી) ને અક્ષમ્ય અપરાધની નિવૃત્તિ માટે શ્રી દયારામભાઈએ વિનતી કરી છે. આ અપરાધ નિવૃત્તિનો ઉપાય બતાવીને વલ્લભી સૃષ્ટિ ઉપર મહત ઉપકાર કર્યો છે. અપરાધમાં ડૂબેલો જીવ અપરાધને શું જાણી શકે? મહાનુભાવોની નિરહેતુક કરૂણાથી જ સમજી શકાય છે.

સંકલન—શ્રી વલ્લભ પાદ પદ્મ મિલિન્દ

પદ-૬૯૨ શ્રીમદ્ દમલા સ્વરૂપ વર્ણન

રચયિતા : ગો. વા. પ. ભ. તારાચંદ બાપા, મધુવનની બેઠકવાળા

સંકલન :—શ્રી વલ્લભપાદપદ્મમિલિન્દ

શ્રી વલ્લભ પ્રભુ ભતલ પાંવ ધારે, દૈવી જીવકો કરન વિસ્તારે ॥૧॥
આંતર વિહાર મૂલ સ્વરૂપ, ધર્મિવિપ્રયોગ જાન અનૂપ ॥૨॥
શ્રીમુખ વિયોગાગ્નિ ફલ જાન, યુગલ સુખાબ્ધિ સ્વરૂપ બખાન ॥૩॥
કેવલ વિરહરસ અનુભવ કાજ, ઉભયરૂપ પ્રકટ ભયે રસરાજ ॥૪॥
શ્રી વલ્લભ પ્રભુ : દામોદરદાસ, તાદ્રશ નેક ન ન્યૂન પ્રકાશ ॥૫॥
માર્ગ પ્રકટ ઈનહી કે કાજ, શ્રીમદ્ દમલા સકલ શિરતાજ ॥૬॥
સ્વામિની રૂપ રસ ભાવ પ્રધાન, મધ્યસ્થ 'લલિતે' સ્વરૂપ બખાન ॥૭॥
વિરહ રસ રસિક નાહિ કોઉ ઓર, નિજરસ પાત્ર 'દમલા' શિરમોર ॥૮॥
સિદ્ધાંત હૃદય સબ સ્થાપિત કીન, ઉઠત તરંગ રસ ભાવ નવીન ॥૯॥
મહા ઉદાર કૃપા રસ બરસે, નયન બેન રસ પૂરણ દરસે ॥૧૦॥

યેહી કૃપા જબ જબ જીવનપે કરે, તાકો શ્રીવલ્લભ તીહિ છીન વરે ॥૧૧॥
રહત સદા ચરનન કે પાસ, મન કર્મ બચન દ્રઢ વિશ્વાસ ॥૧૨॥
અંતરંગ ભક્ત નિજરસ ભરપૂર, કરત સેવન વિર હરસ ચૂર ॥૧૩॥
મુખ વિયોગાગ્નિ ફલ અનુભવ કરે, વિરહરસ આનંદ હૃદેમેં ભરે ॥૧૪॥
રાસસ્ત્રી ભાવનકો દાન, સકલરસ માહાત્મ્ય અનન્ય બખાન ॥૧૫॥
નિગૂઢ હૃદય આશય કો ધામ, સ્વરસ સ્થાપન પૂરણ કામ ॥૧૬॥
વિવિધરસ વિલસત પ્રભુ રાસ, મધ્ય બંધ દામોદરદાસ ॥૧૭॥
ભાવરૂપ શ્રી દમલા બડભાગ, કરત દાન નિજજન અનુરાગ ॥૧૮॥
વિરહાગ્નિ રસ નખ શિખ પાગે, સર્વાંગ અનુભવ કરત બડભાગે ॥૧૯॥
માનસી સેવા મેં અનુરાગે, શ્રી વલ્લભાગ્નિ સ્વરૂપ રસપાગે ॥૨૦॥
વિરહ રસ દાન યહ જબ કરે, તબહી અનુભવ હૃદય અનુસરે ॥૨૧॥
શ્રી વિઠ્ઠલ પ્રભુ કો કીયો દાન, ખટ માસ વિલસે કરિ ગુણગાન ॥૨૨॥
કરત વિરહ દરશન કે કાજ, અસ્વસ્થ વિકલત્વ વિરહ કે સાજ ॥૨૩॥
ધરત ધ્યાન નિરંતર દુઃખ કિ ને, તીહિ છીનુ દરસ શ્રીવલ્લભ દીને ॥૨૪॥
દોડ ગયે તબ ચરન શિર નાયો, શ્રી વલ્લભ કહે દમલા તુ આયો ॥૨૫॥
વચન સુનતહી મન સચુપાયે, ગદગદ કંઠ પુલક વ્હે આયે ॥૨૬॥
શ્રી વલ્લભ પ્રભુ કે ચરણસો લાગે, સદા સમીપ રહત બડભાગે ॥૨૭॥
શ્રી વલ્લભ વશ રહત હો જાકો, અનન્ય વિરલરસ ભક્તિહે તાકે ॥૨૮॥
શ્રી વલ્લભ પોઢે દમલા ગોદ, શ્રી ગોવર્ધનધર આયે મનમોદ ॥૨૯॥
નિરખતહી હાથનસો બરજે, નુપુર નાદ ધ્વનિ તબ ગરજે ॥૩૦॥
જાગ પરે વલ્લભ પ્રભુ નિરખે, પરસ્પર દેખ મન અતિ હરખે ॥૩૧॥
યહ વિધ દાસ્ય રસ કરે વિલાસ, નિરખ યુગલ કીયે મંદ હાસ ॥૩૨॥
દાન સદા દાતા વસ રહે, કૃપા કર દેત સોઈ જન લહે ॥૩૩॥
મહોદારતા શ્રી વલ્લભ નામ, વિચિત્ર ચરિત્ર પ્રભુ પુરન કામ ॥૩૪॥
અદેય ફલકો કરત નિજદાન, કૃપા સિન્ધુ કરૂણા રસખાન ॥૩૫॥
વૈશ્વાનર વલ્લભજન હિત કીનો, શ્રીવલ્લભાખ્ય સદ્રુપ પ્રવિનો ॥૩૬॥

ગોવિંદ ઘાટ ચિન્તા મન કીન, દૈવી કીહીવિધ હોય રસ લીન ॥૩૭॥
આસુરી મીલ આસુર વત સોય, બ્રહ્મકો સંબંધ કીહી વિધ હોય ॥૩૮॥
પ્રગટ વ્હે આજ્ઞા પ્રભુને કીની, બ્રહ્મ સંબંધ કરો રસ ભીની ॥૩૯॥
તાકો દોષ નેક નહીં દેખોં, મેરો વચન સત્ય કરિ પેખો ॥૪૦॥
નય વિશારદ પ્રતિજ્ઞા પરતીત, વાકપતિ વલ્લભ ગુણાતીત ॥૪૧॥
પ્રથમ સંબંધ દમલા કરવાય, તા પાછે સબ ભક્ત સમુદાય ॥૪૨॥
તાદ્રશ જનસો વેષ્ટિત હોય, રાસલીલા એક તાત્પર્ય સોય ॥૪૩॥
કૃપા કર કરત કથા રસ દાન, તાહીતે સબ મગ્ન ભયે જાન ॥૪૪॥
લીલારસ પ્રેમ પૂરિત સબકીન, લીલામૃત રસાર્દ્ર ભયે રસલીન ॥૪૫॥
વાકસુધા પૂરિત સબ જન, આનંદ મગ્ન પ્રસન્ન વદન ॥૪૬॥
વ્રજ પ્રિય વલ્લભ વ્રજ સ્થિતિમાન, પુષ્ટિલીલા કૃત રહ પ્રિય જાન ॥૪૭॥
મન ઉત્સાહ ગોવર્ધન ગિરિવાસ, યજ્ઞભોક્તા કર્તા વિવિધ વિલાસ ॥૪૮॥
શ્રી દમલા પ્રતિ આજ્ઞા અસકીન, વિરહકથા બિનુ ભયો મન ખિન ॥૪૯॥
ઉભય એકાન્ત તબ જાય બિરાજે, વિયોગાનુભવ સકલ સુખ સાજે ॥૫૦॥
વિરહ મગ્ન કોઉ નાહીન દરસે, મુખવિયોગાગ્નિ ફલ નાહિન પરસે ॥૫૧॥
ત્યાગ ઉપદેશ સબ વિરહાનુભવ કાજ, ભક્તિ આચરણ વિરહસુખ કાજ ॥૫૨॥
સ્વયશગાન ઉભય વિધ કરહી, યશ પીયૂષ તરંગ હૃદે ભરહી ॥૫૩॥
લીલામૃત રસસો અંગ ભીજે, એકાન્ત વિલાસ વિરહરસ પીજે ॥૫૪॥
હૃદય આવેશ નિરંતર રહે, કૃપાદ્રગ વૃષ્ટિ વલ્લભ ઉર લહે ॥૫૫॥
પદ્મ દલાયત વિલોચન રૂપ, આનંદ ભરે અતિ અનૂપ ॥૫૬॥
શ્રી વિઠ્ઠલ પૂછે અંકજુ માત, મારગ પ્રગટ ઉત્સવકી બાત ॥૫૭॥
સિદ્ધાંત સકલ હૃદયમેં વાસ. કહેંગે સબ વિધ દામોદરદાસ ॥૫૮॥
શ્રી વિઠ્ઠલ દમલા ગૃહ પાંવ ધરે, ભક્તિભાવ કિયે સત્કારે ॥૫૯॥
માર્ગપ્રણાલી ગ્રંથ રચના સુબોધ, સિદ્ધાંત રહસ્ય સબ ભાવ પ્રબોધ ॥૬૦॥
કરિ વિનતી સબ વિધ ભાવ, દાસ્ય ભાવ કિયો પ્રકટ દરસાવ ॥૬૧॥
પ્રભુ નમન કરન નહીં દેહી, શ્રીવલ્લભ હૃદય બિરાજત નેહી ॥૬૨॥

શ્રીવલ્લભ આજ્ઞા ચરણોદક લીનો, રહત સદા ભક્તિ રસ ભીનો ॥૬૩॥
જબલો યહ મારગ સ્થિતિ રહે, ભાવ સ્થિતિ દમલા હું લહે ॥૬૪॥
દૈવી જન કારજ ઈનહીકે હાથ, મારગ સ્થંભ સબ વિધ સાથ ॥૬૫॥
તીસરે દિન દરશન પ્રભુ પાવે, વિરહ કષ્ટ પીડા વ્હે આવે ॥૬૬॥
વલ્લભ પ્રભુ કો દરશન જબ પાવે, સિતલ હૃદય આનંદ વ્હે જાવે ॥૬૭॥
યુગલ સ્વરૂપ શૈયા સુખ રાજે, રસોપાયન સકલ વિધ સાજે ॥૬૮॥
શ્રીલલિતા જુ મન મનોરથ કીનો, કનક કટોરા પ્રભુ કર દીનો ॥૬૯॥
પ્રથમ દુધ પ્યારી અચવાયે, તા પાછે પ્રભુ આપ અધાયે ॥૭૦॥
યહ વિધ ચતુરાઈ પ્રભુ લખ લીની, પ્યારી અરોગે પ્રેમ રસભીની ॥૭૧॥
ઈનકે ચરિત્ર કૈસે કહી આવે, એક રસના કહુ પાર ન પાવે ॥૭૨॥
દમલા કૃપાતે સબ બની આવે, શ્રીવલ્લભ ચરન પરમ ફલ પાવે ॥૭૩॥
મન કર્મ વચન વિશ્વાસ જો કરે, શ્રી દમલા વલ્લભરસ હૃદય ભરે ॥૭૪॥
દોહા :—શ્રી દમલા સ્વરૂપ અગાધ હૈ, કેસે કરોં બખાન ।
રસિક જન નિત્ય સ્મરણ કરે સકલ રસકી ખાન ॥૭૫॥

(યહ ચોપાઈમેં લીખી ભાવના કે પ્રકટકર્તા મધુવન બેઠકકે પ. ભ. શ્રી તારાચંદ બાપા હે ઈનકી કૃપાસું યહ ભાવના પ્રાપ્ત ભઈ હૈ. હમ વલ્લભીયોં યહ મહાનુભાવકે ચિર ઉપકૃત હૈ.)

('સત્સંગ' વર્ષ ૩૮ ફેબ્રુ ૧૯૮૬ અંક ૨ માંથી સાભાર)

પદ-૬૯૩ શ્રી દામોદરદાસજી વાર્તા—ભાવવિલાસ ટીકા

લેખક : શ્રી ગોવિંદ કોવિદ, જતિપુરા (વ્રજાવંતિકા)

સંવત ૨૦૧૪ ભાદરવા કૃષ્ણ વર ગુરુવાર

મંગલમ્

શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલસુ શ્રીનાથ હિ પ્રણતાસ;
શ્રીદામોદરદાસ કી વાર્તા ભાવ વિલાસ ॥૧॥

ભક્તવશ્ય દામોદર સુ દશમ સ્કંધ પ્રમાન;
અધર સુધા દામોદર જુ વેણુગીત વખાન ॥૨॥
વ્રતચર્યા વરદાન પ્રદ દામોદર રસરાસ;
શ્રી રાધા દામોદર જુ કમલ કર્ણિકા રાસ ॥૩॥
શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ સુ દામોદર યુગ રાસ;
દામોદર શ્રી કૃષ્ણપ્રિય શ્રી દામોદરદાસ ॥૪॥
'દ' દાતા 'મ' મધુર રસ 'લા' સુ ગ્રહણ નહિ અન્ય;
શ્રીમુખતે પ્રકટિત ભયો દમલા નામ અનન્ય ॥૫॥
'દ' દાતા શ્રી વલ્લભ પ્રભુ 'મ'ધુર કૃષ્ણ રસરૂપ;
'લા' લલિતા યુગ મધ્યમા દમલા નામ સ્વરૂપ ॥૬॥
'દ'શમી પ્રેમ સુલક્ષણા 'મ'ધુર ભક્તિ રસખાન;
'લા' લાયક દમલા પાત્ર વર શ્રીમુખ પ્રકટ વખાન ॥૭॥
'દ'શ વિધ લીલા કૃષ્ણ કી 'મ'ન મોહન સુખધામ;
'લા'લિત પુષ્ટિ ભક્તજન દમલા અમલા નામ ॥૮॥
પુષ્ટિ ભક્તિરસ કલ્પતરુ સકલ મૂલ નિરધાર;
નવરસઘન સ્વાતિ સુધા દામોદર શૃંગાર ॥૯॥
શ્રી દામોદર વારતા દશધા ભક્તિ પ્રકાશ;
પ્રકટિત દશહિ પ્રસંગ કો વરનો ભાવ વિલાસ ॥૧૦॥
દમલા તેં કછુ સુન્યો હે શ્રીમુખ વચન પ્રમાન;
વચન સુને શ્રીકૃષ્ણ કે શ્રવણ ભક્તિ યે જાન ॥૧૧॥
દામોદર વિઠ્ઠલ જુ સોં માર્ગોત્સવ સુપ્રકાર;
વર્ણન કિય વિસ્તાર યુત કીર્તન ભક્તિ અપાર ॥૧૨॥
હંસી ખેલ મારગ નહિ તાપ કલેશ ગૂઢાત્મ;
શિક્ષા અંગીકાર કિય સ્મરણ ભક્તિ વિરહાત્મ ॥૧૩॥

શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલસુ એક રૂપ હિ માન;
ચરણામૃત લિય ભક્તિ યે પાદ સેવન સુમન ॥૧૪॥
શ્રદ્ધા રૂપ જુ શ્રાદ્ધ હે અર્ચન ભક્તિ પ્રમાન;
વંદન કિય વિઠ્ઠલેશ કો વંદન ભક્તિ વખાન ॥૧૫॥
વચન સુને સમજે નહિ યહ દાસત્વ દિખાય;
આધી ગાદી બેઠતે યહિ સખ્ય સુખદાય ॥૧૬॥
પ્રથમ બ્રહ્મસંબંધ કિય આત્મ નિવેદન જાન;
ગોદ શિષ ધર પોઢતે પ્રેમ લક્ષણા મન ॥૧૭॥
નિર્ગુન ભક્તિ શિખામન દામોદર રસ કંદ;
શ્રી દામોદર ગુરુ તિલક પ્રણમત જન 'ગોવિંદ' ॥૧૮॥

પદ-૬૯૪

સર્વોત્તમ વૈષ્ણવને વંદના

રાગ હરિગીત

(શ્રી કૃષ્ણના ચરણારવિંદની રજથકી થોભી રહ્યાં)
ચોર્યાસી—બસો બાવન વૈષ્ણવ અતિ પાવનકર પુષ્ટિમાં,
ને અન્ય ભગવદી વૈષ્ણવો છે અનેક પુષ્ટિ—સૃષ્ટિમાં;
વંદન કરું નામી—અનામી એ બધાને આજ હું,
પણ એ સકળમાં 'પરમ વૈષ્ણવ' આપ છો હરસાનીજી ॥૧॥
સેવક રહ્યા અંતરંગ મહાપ્રભુજીના જીવનભર તમે,
પહેલો જ બ્રહ્મસંબંધ દીધો મહાપ્રભુજીએ આપને;
'દમલા'ના લાડીલા નામથી બોલાવતા જે આપને,
પ્રિય હતા સર્વ સેવકોમાં અધિક આપ શ્રીવલ્લભને ॥૨॥
આપને કાજે પ્રકટ મારગ મહાપ્રભુએ કર્યો,
અગ્નિરૂપે વલ્લભ બિરાજે હૃદયમાં સદા આપના;
પુષ્ટિમાર્ગના ઉત્કર્ષમાં સેવા તમારી અમાપ છે,
દઈ શીખ શ્રી વિઠ્ઠલેશને પ્રકટાવી પુષ્ટિચેતના ॥૩॥

'વૈષ્ણવ—શિરોમણિ' આપ છો, 'શિરમોર વૈષ્ણવ' અમતણા,
સાચા પ્રતિનિધિ આપ છો પુષ્ટિ વૈષ્ણવી સૃષ્ટિતણા;
હે 'ભક્તિસાગર!' પુષ્ટિના, વડા વૈષ્ણવોના આપ છો,
અનલાવતાર શ્રીવલ્લભના 'દમલાજી' વલ્લભ આપ છો ॥૪॥
'આચાર્ય સર્વોત્તમ' તણા વૈષ્ણવ સર્વોત્તમ આપ છો,
એવા દામોદરદાસ હરસાનીજી! વંદુ હું આપને;
ને યાચુ દેજો ભક્તિ દૃઢ શ્રીનાથ—વલ્લભ—ગુરુતણી,
વૈષ્ણવ નથી આજે આપ સમ દૃઢ ભક્તિવત્ કો પુષ્ટિમાં ॥૫॥
શકે ચેતના પ્રકટાવી જે સુતેલી પુષ્ટિમાર્ગમાં,
તાતી જરૂર છે આપની ચિનગારીની પુષ્ટિધર્મને;
આજે આપના પ્રાકટ્યના મંગલ દિને માગું એટલું,
બસ એક દ્યો ચિનગારી મુજને પુષ્ટિ જ્યોત પ્રકાશવા ॥૬॥

—પ્રા. એમ. આર. પાલેજા, રાજપીપળા

પદ-૬૯૫ શ્રીવલ્લભ સ્વરૂપ દર્શન

રાગ બિલાવલ

શ્રી વલ્લભ ચાહે સોઈ કરે,
ઈનકે પદ દૃઢ કરી પકરે, મહારસસિંધુ ભરે ॥૧॥

નાથ કે નાથ, અનાથ કે બંધુ, ઔગુન ચિત્ત ન ધરે,
પદ્મનાભકું જાન આપનો, બૂડત કર પકરે ॥૨॥

ઉપરોક્ત કિર્તનમાં કવિશ્રી સંપૂર્ણ વિશ્વાસપૂર્વક તેમજ દૃઢતાથી કહે છે. કે જેઓ શ્રી વલ્લભના ચરણકમલનો નિશ્ચયપૂર્વક વિશુદ્ધ હૃદયથી આશ્રય કરે છે તેનો આપશ્રી સારી રીતે ઉદ્ધાર કરે છે. એટલે કે પોતાના ઉરસ્થાની તેને બતાવે છે. ઉપરોક્ત કીર્તનની પૂર્વ ભૂમિકામાં બીજી એક ભાવના એક સ્ફૂરે છે કે શરણસ્થ થયા પછી શ્રી વલ્લભ પાસે ભક્ત કવિ પદ્મનાભદાસજીએ સેવ્ય સ્વરૂપની યાચના કરી ત્યારે આપશ્રીએ શ્રી

મથુરાધીશના વિશાળકાય સ્વરૂપના દર્શન કરાવ્યા અને સેવા કરવા સુચવ્યું. પરંતુ તે અશક્ય લાગવાથી પદ્મનાભદાસજીએ દીનભાવે વિનંતી કરી કે વિરાટ સ્વરૂપની સેવા કરવાનું મારું ગજુ નથી. તેથી આપશ્રીએ પોતાના આલૌકિક સામર્થ્યથી પોતાના પ્રાણનાથ એવા મહાસિંધુ સ્વરૂપ શ્રીમથુરાધિશને પોતાના ઉત્સંગમાં એવી રીતે પધરાવ્યા કે પોતાની ઠોડી સુધીના મથુરાધીશના સ્વરૂપનું દર્શન પદ્મનાભદાસજીને થયું. (આ વિષયનું સ્પષ્ટ વર્ણન પદ્મનાભદાસજીના વાર્તા પ્રસંગમાં આવે છે.) તે જ સમયે તેમણે ગાયું કે 'શ્રી વલ્લભ ચાહે સોઈ કરે' શ્રી વલ્લભ પોતાના પ્રાણનાથના માલિક પણ છે એટલે પોતાના પ્રાણનાથ પણ આપશ્રીને આજ્ઞાંકિત છે તેવી તેમને પદ્મનાભદાસને ખાત્રી થઈ.

શ્રીમહાપ્રભુજીના આલૌકિક સામર્થ્યના આવા અનેક પ્રસંગો શ્રી વલ્લભનું જીવન ચરિત્ર તેમજ ચૌર્યાસી વૈષ્ણવની વાર્તાના પ્રસંગોમાંથી આપણને પ્રાપ્ત થાય છે.

ભાવાનુવાદ : શ્રીવલ્લભ ચાહે સોઈ કરે.....ઈતિ. શ્રી વલ્લભ જે ચાહે તે કરી શકે છે તેવું કહીને ભક્ત કવિ પદ્મનાભદાસજી શ્રી વલ્લભનો વીર્યગુણ પ્રગટ કરે છે. આપશ્રીની નિર્ણય લીલાનું સુચન કરે છે. દૈવીજીવ અંતકાળથી પ્રભુથી વિમુખ થયો છે. દુઃસંગ કરીને અજ્ઞાનરૂપી અંધકારમાં ભાન ભુલી સંસાર સાગરમાં ફસાઈ પડેલો છે. અનેક સાધનો કરવા છતાં પણ જીવ તેમાંથી બહાર નીકળવા અસમર્થ છે.

તેવા દૈવી જીવોને સંસારરૂપી અંધકુપમાંથી પોતાના પ્રમય બલથી બહાર કાઢીને વિના સાધન ભગવદ પ્રાપ્તિ કરાવવી એ જ શ્રી વલ્લભની ચાહના છે અને તે ચાહના પ્રમાણે જ તેઓ કરી શકે છે.

તેથી જ ભક્તકવિએ 'ચાહે સોઈ કરે' એવું વિધાન કીર્તન દ્વારા પ્રગટ કર્યું છે. પોતાનો જ અનુભવ પોતે પ્રગટ કર્યો છે. અર્થાત્ ખાલી સાંભળેલું પોતે કહેતા નથી જેથી છેલ્લી ટૂંકમાં પોતાનો જ અનુભવ પોતે પ્રકટ કરે છે.

ઈનકે પદ દ્રઢ કરી પકરે :—ઈતિ ભૌતિકમાં જેમ નાવમાં બેસનાર માણસ નિર્ભયતાથી નાવ ઉપર તેમજ તેના સંચાલક ઉપર

વિશ્વાસ રાખી બેસી રહે તો જ્યાં જવું હોય ત્યાં મહાસાગરમાં જઈ શકે છે પરંતુ તે નાવ તેમજ સંચાલક બંને નિર્ભય નથી, અર્થાત્ નાશવંત છે. જેથી ઘણી વખત નાવમાં બેસનારની શ્રદ્ધા ફલીભૂત થતી નથી. જ્યારે શ્રી વલ્લભના ચરણ કમલનો જે દૈવી જીવ દૃઢ કરીને આશ્રય રાખે છે તે જીવ નિઃશંક ભવસાગરને તરી જાય છે. એટલું જ નહિ પરંતુ શ્રી વલ્લભ અલૌકિક લીલારસનો સમુદ્ર તેના હૃદયમાં તેમજ રોમેરોમમાં ભરી દે છે. આધિદૈવિક લીલારસ સાગર નિત્ય રાસનું તેને દાન કરે છે. અર્થાત્ તે લીલારસ સિંધુનું અવગાહન તથા તેનું સેવન કરાવે છે. શ્રી વલ્લભ કૃપા કરી દૈવીજીવોના અંતઃકરણમાં અંગ પ્રત્યંગમાં લીલારસસિન્ધુ ભરે તે જ પુષ્ટિમાર્ગ અંગિકૃતની મર્યાદા છે. તેથી જ આપશ્રીનું નામ સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી ગોસાંઈજીએ ધર્યું છે કે અંગિકૃતૌ સમર્યાદાઃ પુષ્ટિ રહસ્યની ફલશ્રુતિ આ જ છે.

નાથ કે નાથ અનાથ કે બંધુ :—ઈતિ સારાએ જગતનો જે સ્વામિ છે તેના પણ આપ અધિષ્ઠાતા સ્વામિ છો, જગતનું સંચાલન કરનાર દેવો જેને જગતના જીવો નાથ માનીને પૂજા કરે છે તે દેવોના પણ શ્રીવલ્લભ જે “વસ્તુતઃ કૃષ્ણ એવ” છે તે માલિક છે. બ્રહ્મા–વિષ્ણુ–મહાદેવ વિ. દેવો પણ શરણે આવેલા જીવના પાપનો ક્ષય થયા સિવાય તેમનો સંપૂર્ણ સ્વીકાર કરી શકતા નથી. અર્થાત્ અનેકવિધ સાધનાઓ, તપ કર્યા પછી તેઓ પ્રસન્ન થાય છે. પરંતુ શ્રી વલ્લભનો પૂર્ણ પુરૂષોત્તમનું જ સ્વરૂપ છે. તેથી આપ તો પોતાને શરણે આવેલ નિઃસાધન દૈવી જીવના અનંત અપરાધ કેવલ મંદ મુસ્ક્યાનથી માફ કરે છે. અપરાધોનો સંપૂર્ણ નાશ કરી પોતાને વશ કરે છે તેથી જ આપ નાથના નાથ છો.

વળી આપશ્રી અનાથના બંધુ, પરમ સહાયક તથા પરમ હિતકારી છે. તેથી જ આપશ્રી કોઈના અવગુણ ચિત્તમાં ધરતા નથી. તેથી જ આપશ્રીનું નામ “પતિત પાવન” શ્રીવિઠ્ઠલનાથજીએ સર્વોત્તમજીમાં પ્રગટ કર્યું છે. દૈવી સૃષ્ટિના નાથ શ્રીગોવર્ધનનાથજી છે. તેઓ શ્રી વલ્લભના પ્રાણપ્રિય છે, પ્રાણનાથ છે. છતાં આપશ્રી તે જ સ્વરૂપનું દાતા તરીકે પુષ્ટિસ્થ જીવોને દાન કરે છે. “દાન બડો કે દાતા

બડો'' એ ન્યાયે આપશ્રી પણ નાથના નાથ છે. તેમજ ''ભક્તિમાર્ગી જીવ સ્વતંત્ર કેવલ ભક્ત ન થાય'' તદનુસાર દૈવી સૃષ્ટિ જે અનંત કાળથી પુષ્ટિ પુરૂષોત્તમથી વીછુરેલી હતી તેમણે કોઈને નાથ માન્યા ન હતા અર્થાત્ અનાથ હતા. તેઓનો બંધુ માફક હાથ ઝાલી સંસાર કુપમાંથી બહાર કાઢી તેમના અવગુણ જોવા સિવાય તેમને મહારસ સિંધુ સ્વરૂપ શ્રીગોવર્ધનધરનું દાન કર્યું અને તે જ ભાવથી આપશ્રીનું નામ સર્વોત્તમ સ્તોત્રમાં 'મહોદર ચરિત્રવાન' તેમજ 'અદેયદાન દક્ષ' શ્રીવિઠ્ઠલનાથજીએ પ્રગટ કર્યું.

પદ-૬૯૬ અનન્યતા (ગરબી)

હરિને ભજે વળી અન્ય આરાધે,
તે અનન્ય ભક્ત ન કહાવે રે;
અંતે તો સહાય શ્રીકૃષ્ણ કરે પણ,
આગળથી અથડાવે રે.
ભજતાં ગોવિંદ કોઈ નવ રહે બાકી રે,
મૂળનું પાણી સઘળું પહોંચે રે;
શાખા છાંટે તરુ તૃપ્તિ ના પામે રે,
શ્રમ પહોંચે સમજે ત્યારે શોચે રે.
ઘેર ગોવિંદ નંદે અંબા આરાધ્યાં રે,
અજગરે ગાળીઆ પીડા પામ્યા રે;
પરિણામે છૂટ્યાં જ્યારે પ્રભુએ છોડાવ્યા,
દેવીથી દુઃખ નવ વામ્યા રે.
અભયાનો આશ્રય કીધો અંબરીષભક્તે,
દુર્વાસા દ્વારા દુઃખ દીઠું રે;
રક્ષણ સુદર્શનરૂપે કૃષ્ણે કર્યું,
પણ ક્ષુધા કષ્ટ વર્ષ એક વેઠ્યું રે,

પાંડવના ઘરમાં પ્રગટ પ્રભુ વસ્યા પણ,
શિવાદિકને સેવ્યાની શ્રદ્ધા મનમાં રે;
કુંતા સંબંધે કેશવ કષ્ટે ધાયા,
વિવિધની પીડા પામ્યા વનમાં રે.
એવા ઈતિહાસ ઘણાં સ્વલ્પમાં સમજો રે,
અન્યાશ્રય કીધે એવું થાય રે;
બહુ ઘરનો પરોણો જેમ ભૂખે મરે,
પણ ઓળંભો કોઈને ના દેવાય રે.
એક આસક્તિ વિના ચિત્તના ચોરાય રે,
સંશય ત્યાં લગી સિદ્ધિ શાની રે;
કૃષ્ણનો અંશ 'દયો' કૃષ્ણને સેવે,
બેના બાલકને આશા બેની રે.

—ભક્ત કવિ શ્રી દયારામભાઈ

પદ-૬૯૭ પ્યારે, બેગિ લેહો બુલાય

અહો ઈન 'જુઠ'ને મોહી ભૂલાયો ।
કબહુ જગતકે કબહુ સ્વર્ગ કે સ્વાદન મોહી લલચાવો ॥
ભલે હોય કિત લોહ હેમકી પાપ—પૂન્ય દોઉ બેરી ।
લોભ મૂલ પરમારથ સ્વારથ નામ હી મેં કછુ ફેરી ॥
ઈનમેં ભૂલિ કૃપાનિધિ તુમ્હરે ચરન કમલ વિસરાયો ।
તુમ બિન ભટકત ફર્યો જગમેં નાહક જનમ ગમાયો ॥
હાય હાય કરી મોહ છાંડિકે, કબહુ ન ધીરજ ધાર્યો ।
યા જગ જગતી જો અગ્નિમેં આય સુ દિન સબ જાયેં ॥
કરહુ કૃપા કરૂણાનિધિ વલ્લભ જગકો જાલ છુડાવે ।
દીન હીન ''હરિશ્ચંદ્ર'' દાસ કે....બેગી લેહુ બુલાય ॥

પદ-૬૯૮ ભગવદ્‌સંગ ભારી

કીજિયે ભગવદીય સંગ ભારી,
જિન દેખત હરિ સમરન ઉપજત;
ઈનકી પ્રીત કી રીત હૈ અતિ ન્યારી ॥
કામ, ક્રોધ, મદ, મોહ રહિત હૈં,
ભક્તિ રસ ભીન્યો રહે ભારી ।
દાસ ભાવ, દિનતા અતિ ભારી,
સેવારત મન રહે ભિજયોરી ।
ભક્તિરસ સદા ઉર ઉપજત,
લૌકિક છૂટ ગયો નીરખત ।
ઈનકે પટ—રજ લોટી તીરથ કર સદા,
‘પૂરનદાસી’ કહે પરમ કૃપાસે
ભગવદીય મિલત,
ભાગ્ય ખૂલ જાયે ભારી ।
પ્રભુ કૃપા સે સંગ મિલત,
ભગવદીય સંગ અતિ ભારી ॥

પદ-૬૯૯ મન કી બાત કહા કહૂં પ્યારે

રાગ બિહાગ

મન કી બાત કહા કહું પ્યારે ।
હૃદય હૃદય સો સમજત સ્નેહી કબહુ હોત નહી ન્યારે ॥૧॥
દુઃખ મેં સુખ અરુ સુખ મેં દુઃખ મિલ પ્રેમપંથ વિસ્તારેં ।
નેહ—હીન ના સમજત કબહૂં કહિં કહિં કે પચિહારે ॥૨॥
પ્રીત રીત રસ હોત મીત સોં સબ તેં રહત કિનારે ।
બિન પ્રીતમ વિપરીત લગે જગ વિરહી તનમન જારે ॥૩॥
રોમ રોમ પ્રતિ રહત નિરંતર રાખત ઉર મેં ધારે ।
“દ્વારકેશ” રસ ભક્તન કે પ્રભુ બને નૈન કે તારે ॥૪॥

પદ-૭૦૦ ભજનાનંદ–રસ

શ્રી વલ્લભ ચરણ કી શરણ ગ્રહણ કરી
ભજનાનંદ રસ પાયૌ (૧)
સેવોદધિ અમૃત રસ સિંચન
ઠાકુર બહુત રિઝાયૌ (૨)
ભગવદીય કૃપા અતિ ભાવ વિલક્ષણ
હરિલીલા રસ ગાયૌ (૩)
'માધવ' સદા યહી રસ વિલસત
આનંદ મંગલ છાયૌ (૪)

પદ-૭૦૧ શ્રી દામોદરદાસજીના દિવ્ય સ્વરૂપ પર પ્રકાશ પાડતી ચોપાઈઓ.

શ્રીમદ્ દામોદરદાસજીના સ્વરૂપની આ ભાવના શ્રી વલ્લભના કૃપાપાત્ર મહાનુભાવ ગો.વા.પ.ભ. શ્રી તારાચંદ બાવા (મધુવનની બેઠકવાળા)ના સૌજન્યથી પ્રાપ્ત થઈ. આ ચોપાઈઓના રચયિતા વિચક્ષણ ભગવદીયે ચોપાઈની પંક્તિઓમાં સર્વોત્તમજીના નામો પણ સંયુક્ત કર્યા છે. શ્રીવલ્લભવરે નિજમાર્ગનું રહસ્ય શ્રીમદ્ દામોદરદાસજીના હૃદયમાં સ્થાપિત કર્યું તેમ આજે પણ માર્ગનું રહસ્ય વિરહી વલ્લભીઓ દ્વારા મળતું રહે છે. "ભક્તજન પદરજ પ્રતાપે સકલ સરીયા કાજ"

ચોપાઈઓ

શ્રી વલ્લભ પ્રભુ ભૂતલ પાંવધારે, દૈવી જીવન કો કરન નિસ્તારે ॥૧॥
આંતર વિહાર મૂળ સ્વરૂપ, ધર્મી વિપ્રયોગ જાન અનૂપ ॥૨॥
શ્રી મુખ વિયોગાગ્નિ ફલ જાન, યુગલ સુખાબ્ધિ સ્વરૂપ બખાન ॥૩॥
કેવલ વિરહરસ અનુભવ કાજ, ઉભયરૂપ પ્રગટ ભયે રસ રાજ ॥૪॥
શ્રી વલ્લભ પ્રભુ દામોદરદાસ તાદ્રશ નેક ન ન્યુન પ્રકાશ ॥૫॥
માર્ગ પ્રગટ ઈનહી કે કાજ, શ્રી દમલાજી સકલ શિરતાજ ॥૬॥

સ્વામિની રૂપ રસભાવ પ્રધાન, મધ્યસ્થ લલિતા સ્વરૂપ બખાન ॥૭॥
વિરહ રસ રસિક નાહન કોઊ ઓર નિજ રસ પાત્ર દમલા શિરમોર ॥૮॥
સિદ્ધાંત હૃદય સબ સ્થાપિત કીન, ઉક્ત રસ તરંગ અતિ ભાવ નવિન ॥૯॥
મહા ઉદાર કૃપા રસ બરખે, નયન બેન રસ પૂરત દરસે ॥૧૦॥
યેહી કૃપા જબ જીવન પે કરે, તાકો શ્રી વલ્લભ તીહી છિન વરે ॥૧૧॥
રહત સદા ચરનન કે પાસ, મન કર્મ વચન દ્રઢ વિશ્વાસ ॥૧૨॥
અંતરંગ ભક્ત નિજ રસ ભરપૂર, કરત સેવન વિરહ રસ ચૂર ॥૧૩॥
મુખ વિયોગાગ્નિ ફલ અનુભવ કરે, વિરહ રસ આનંદ હૃદય મેં ભરે ॥૧૪॥
રાસ સ્ત્રી ભાવન કો દાન, સકલ રસ મહાત્મ્ય અનન્ય બખાન ॥૧૫॥
નિગૂઢ હૃદય આશય કો ધામ, જીવ રસ સ્થાપન પૂરણ કામ ॥૧૬॥
વિવિધ રસ વિલસત પ્રભુ રસ રાસ, મધ્ય રસ બંધ દામોદરદાસ ॥૧૭॥
ભાવરૂપ શ્રી દમલા બડભાગ, કરત દાન જન પ્રગટે અનુરાગ ॥૧૮॥
વિરહાગ્નિ રસ નખ શિખ પાગે, સર્વાંગ અનુભવ કરત બડભાગે ॥૧૯॥
માનીસી સેવા મેં અનુરાગે, શ્રી વલ્લભાગ્નિ સ્વરૂપ રસ પાગે ॥૨૦॥
વિરહ રસ દાન યહ જબ કરે, તબ હી અનુભવ હૃદે અનુસરે ॥૨૧॥
શ્રી વિઠ્ઠલ પ્રભુકો કીનો દાન, ષટમાસ વિલસે કરી ગુણગાન ॥૨૨॥
કરત વિરહ દરશન કે કાજ, અસ્વસ્થ વિકલત્વ વિરહ કે સાજ ॥૨૩॥
ધરત ધ્યાન નિરંતર દુઃખ કીને તિહિ, છિનુ દરસ શ્રી વલ્લભ પ્રભુ દીને ॥૨૪॥
દોડ ગયે તબ ચરન શિર નાયો, શ્રી વલ્લભ કહે દમલા, તુ આયો ॥૨૫॥
વચન સુનત હી મન સચુ પાવે, ગદ ગદ કંઠ પુલક વ્હે આવે ॥૨૬॥
શ્રી વલ્લભ પ્રભુ કે ચરન સો લાગે, સદા સમીપ રહત બડભાગે ॥૨૭॥
શ્રી વલ્લભ વશ રહત હે જાકે, અનન્ય વિરલ રસ ભક્ત હે તાકે ॥૨૮॥
શ્રી વલ્લભ પ્રભુ પોઢે દમલા ગોદ, શ્રી ગોવર્ધન ઘર આયે મન મોદ ॥૨૯॥
નિરખત હી હાથન સો બરજે, નૂપૂર નાદ ધ્વની તબ ગરજે ॥૩૦॥
જાગ પરે શ્રી વલ્લભ પ્રભુ નિરખે, પરસ્પર દેખ મન અતિ હરખે ॥૩૧॥
યહ વિધ હાસ્ય રસ કરે વિલાસ, નિરખ યુગલ કિયે મંદ હાસ ॥૩૨॥

દાન સદા દાતા વસ રહે, કૃપા કર દેત સોઈ જન લહે ॥૩૩॥
મહોદરતા શ્રી વલ્લભ નામ, વિચિત્ર ચરિત્ર પ્રભુ પૂરન કામ ॥૩૪॥
અદેય ફલ કો કરત નિજ દાન, કૃપા સિન્ધુ કરૂણા રસપાન ॥૩૫॥
વૈશ્વાનર વલ્લભ જન હિત કીનો, શ્રી વલ્લભાખ્ય સદ્રુપ નામ પ્રવીનો ॥૩૬॥
ગોવિંદઘાટ ચિન્તા મન કીની, દૈવી કિહિ વિધ હોય રસ લીની ॥૩૭॥
આસુર મીલ આસુર વત સોય, બ્રહ્મ કો સંબંધ કિહિ વિધ હોય ॥૩૮॥
પ્રગટ વ્હે આજ્ઞા પ્રભુને કીની, બ્રહ્મ સંબંધ કરો રસ ભીની ॥૩૯॥
તાકો દોષ નેક નહીં દેખો, મેરો વચન સત્ય કરી પેખો ॥૪૦॥
નય વિશારદ પ્રતિજ્ઞા પરતીત, વાકપતિ વલ્લભ ગુણાતીત ॥૪૧॥
પ્રથમ સંબંધ દમલા કરવાય, તા પાછે સબ ભક્ત સમુદાય ॥૪૨॥
તાદ્રશ જનસો વેષ્ઠિત હોય, રાસ લીલા એક તાત્પર્ય સોય ॥૪૩॥
કૃપા કર કરત કથા રસ દાન, તાહી મેં સબ મગ્ન ભયે મન ॥૪૪॥
લીલા રસ પ્રેમ પૂરિત સબ કીન, લીલામૃત રસ આદ્રે ભયે લીન ॥૪૫॥
વાક સુધા પૂરિત સબ જન, આનંદમગ્ન પ્રસન્ન વેદન ॥૪૬॥
વ્રજ પ્રિય વલ્લભ વ્રજ સ્થિત માન, પુષ્ટિલીલા કરતા રહ પ્રિય જાન ॥૪૭॥
મન ઉત્સાહ ગોવર્ધનગિરિવાસ, યજ્ઞ ભોક્તા કર્તા વિવિધ વિલાસ ॥૪૮॥

"ભાવાગ્નિ રસ" એટલે મધુર સુધા આ સુધા મધુર ભાવાત્મક છે તેને જ ભાવાગ્નિ રસ કહેલ છે.

દમલા પ્રતિ આજ્ઞા આસ દીની, વિરહ કથા બિનુ ભયો મન ખીન ॥૪૯॥
ઉભય એકાન્ત તબ જાય બિરાજે, વિયોગાનુભવ રસ સકલ સુખ સાજે ॥૫૦॥
વિરહ મગ્ન કોઉ નાહી દરસે, મુખ વિયોગાગ્નિ ફલ નાહિન વરસે ॥૫૧॥
ત્યાગ ઉપદેશ સબ વિરહાનુભવકાજ, ભક્તિ આચરણ વિરહ સુખ કાજ ॥૫૨॥
સ્વયશોગાન ઉભય વિધ કરહી, યશ પીયૂષ તરંગ હૃદે ભરહી ॥૫૩॥
ભાવાગ્નિ રસ સો અંગ અંગ ભીજે, એકાંત વિલાસ વિરહ રસ પીજે ॥૫૪॥
હૃદય આવેશ નિરંતર રહે, કૃપાદૃષ્ટિ વૃષ્ટિ વલ્લભ ઊર લહે ॥૫૫॥
પદ્મદલાયન વિલોચન રૂપ, આનંદ ભરે અતિ અનૂપ ॥૫૬॥

શ્રી વિઠ્ઠલ પૂછે અંકાજુ માત, મારગ પ્રગટ ઉત્સવકી બાત ॥૫૭॥
સિદ્ધાંત સકલ હૃદય મેં વાસ, કહેંગે સબ વિધ દામોદરદાસ ॥૫૮॥
શ્રી વિઠ્ઠલ દમલા ગૃહ પાંવધારે, ભક્તિભાવ કિયે સત્કારે ॥૫૯॥
માર્ગ પ્રણાલી ગ્રંથ રચના સુબોધ, સિદ્ધાંત રહસ્ય સબ ભાવ પ્રબોધ ॥૬૦॥
કરિ વિનતી સબ વિધ ભાવ, દાસ્ય ભાવ કીયો પ્રકટ દરસાવ ॥૬૧॥
પ્રભુ નમન કરન નહી દેહી, શ્રી વલ્લભ હૃદય બિરાજત નેહી ॥૬૨॥
શ્રી વલ્લભ આજ્ઞા ચરણોદીક લીનો, રહત સદા ભક્તિ રસ ભીનો ॥૬૩॥
જબ લો યહ મારગ સ્થિત રહે, ભાવ સ્થિતિ દમલા હું લહે ॥૬૪॥
દૈવીજન કારજ ઈનહી કે હાથ, મારગ સ્થંભ સબ વિધ સાથ ॥૬૫॥
તીસરે દીન દરશન પ્રભુ પાવે, વિરહ કષ્ટ પીડા વ્હે આવે ॥૬૬॥
વલ્લભ પ્રભુ કો દરશન જબ પાવેં, સિતલ હૃદય આનંદ વ્હે જાવે ॥૬૭॥
યુગલ સ્વરૂપ શૈઢા સુખ રાજે, રસોપાયન સકલ વિધ સાજે ॥૬૮॥
શ્રી લલિતા જુ મન મનોરથ કીનો, કનક કટોરા પ્રભુ કર દીનો ॥૬૯॥
પ્રથમ દૂધ પ્યારી અચવાયે, તા પાછે પ્રભુ આપ અધાયે ॥૭૦॥
યહ વિધ ચતુરાઈ પ્રભુ લખ લીની, પ્યારી આરોગે પ્રેમ રસ ભીની ॥૭૧॥
ઈનકે ચરિત્ર કેસે કહી આવે, એક રસના કહુ પાર ન પાવે ॥૭૨॥
દમલા કૃપા તે સબ બની આવે, શ્રી વલ્લભ ચરન પરમ ફલ પાવે ॥૭૩॥
મન કર્મ વચન વિશ્વાસ જો કરે, શ્રી દમલા વલ્લભ રસ હૃદય ભરે ॥૭૪॥
દોહા :—શ્રી દમલા સ્વરૂપ અગાધ હે, કેસે કરોં બખાન
રસિક જન નિત્ય સ્મરણ કરે, સકલ રસ કી ખાન ॥૭૫॥

પદ-૭૦૨ વિદાય વેળાએ વિનંતી

મારા મંગલ મૃત્યુ મહોત્સવને મહાલજો રે ।
ઢોલ, ત્રાંસા, શરણાઈ, ભેરી, ઝાંઝ, પખાવજ વગડાવજો રે ॥૧॥
નાચતાં ને ગાતાં, તાલની સંગે, દાંડીયાની રમઝટ બોલાવજો રે ।
મીઠાં–મધુરાં કોકીલ કંઠે, મંગલ ગીત ગવરાવજો રે ॥૨॥
ત્વચા–કીડની ને ઉભય નયણાં, જરૂરીયાતમંદ સ્વિકારજો રે ।

બાકી વધ્યાં તે અંગ–ઉપાંગો, તબીબી છાત્રોને પહોંચાડજો રે ।।૩।।
લોકવેદની કાની તોડી પંથ ગુજાર્યો, મૃત્યુને ના અભડાવજો રે ।
ના કરી ક્લેશ, વેદ–વિધાનો, મારા મૃત્યુને અજવાળજો રે ।।૪।।
અષાઢી આભમાં વિજ ઝબકારો, આસોની અમાસે ઓલવાયો રે ।
કાર્તિકની સુપ્રભાતે, આશા કિરણને હસી હસી આવકારજો રે ।।૫।।
પરદેશી પંખી પીંજર તોડી–પ્રેમી પિયુડો પામી ગયો રે ।
માનવી મલકનો મોંઘો મુસાફર, સ્વધામ સિધાવી ગયો રે ।।૬।।
આવ્યા–ગયા તે તો સત્ય સનાતન, તે સમજુ, સ્નેહી સંભારજો રે ।
દેજો વિદાય દિલના દરીયેથી, દ્રગે દરીયો ના છલકાવજો રે ।।૭।।
જાણે–અજાણ્યે દુભવ્યું મેં દિલ તો, સ્વ જાણી ક્ષમા બક્ષજો રે ।
પામ્યો ઘણું તમ સર્વ થકી, હોંશે વિદાય આપજો રે ।।૮।।

પદ-૭૦૩ પ્રેમી પ્રભુકો પાતે હે

પ્રેમી પ્રભુકો પાતે હે, પ્રેમિ કે પ્રભુ પાસ..... ।
પલભર ઈનસે દુર નહીં, ભક્ત હૃદય નિવાસ...... ।
પ્રેમી પ્રભુસે ના મિલે, મર્મ પ્રેમ કા પાય...... ।
પુરુષોત્તમ પ્રેમીવશ, અપને આપ બંધાય.... ।
પ્રેમ પવિત્ર અતિ ઉજજવલ, પ્રેમ હી પરમાનંદ..... ।
પ્રેમ રૂપ રીઝે પ્રભુ, જો હે આનંદ કંદ..... ।

પદ-૭૦૪ કાવ્ય કુંજ

હરિ વિલસે અંગેઅંગે તો આનંદ થાય,
હૈયુ તલસે અંગેઅંગે તો આનંદ થાય!
વિરહાગ્નિથી પ્રજ્જવલિત સ્નેહની દિવ્યતા
મન પરસે અંગેઅંગે તો આનંદ થાય!
નિઃસ્વાર્થ પ્રગઢ પ્રેમના સ્પંદનો
ઉર દરસે અંગેઅંગે તો આનંદ થાય!
ઉષ્મ સંતપ્ત ઉર્મિના ઉન્મદ ભાવ

જો કર્ષે અંગેઅંગે તો આનંદ થાય!
મનોરથોની ઉષ્ણ મોહક માયાજાળ
અરસેપરસે અંગેઅંગે તો આનંદ થાય!
ચિત્તચોર નટખટ નંદલાલની
કૃપા વરસે અંગેઅંગે તો આનંદ થાય!

પદ-૭૦૫ પુષ્ટિ અસ્મિતા

હરિ તુને પ્રસન્ન કેમ થાયે?
તારા અંતરનું કપટ ન જાય.
તારા દિલનો છલ નવજાય પ્રભુ તુને પ્રસન્ન તે કેમ થાય.
આ કરવું આ ન કરવું એમ સહુને શિક્ષા દે છે.
તેમાંથી તું કાંઈ નથી કરતો અનુચિત કરમ કરે છે.
અંતરનો છલ અન્ય ના લહે પણ જાણે અન્તર્યામી.
એ તો સાચાનો સંગી છે તે દાસ દયાના સ્વામી.

પદ-૭૦૬ તદરૂપતા

માઈ રી, શ્યામ રટત, શ્યામા શ્યામ ભઈ રી ।
અપની સખીનસો બુઝન લાગી, શ્યામા કહાં ગઈ રી ॥૧॥
બ્રજકી બીથનમેં ઢૂંઢત ડોલત, બોલત રાધે રાધે ।
કહુત કહુત બહુત પચિહારી, સખી સકલ મૌન સાધે ॥૨॥
પ્રેમ લગન જાકે ઉર લાગત, તાહિ કહો સુધિ કેસી ।
કહિ ભગવાન હિત રામસય પ્રભુ, લગન લગે જબ એસી ॥૩॥

પદ-૭૦૭ એ . રી, મૈં તો પ્રેમ દિવાની

ના મૈં જાનૂ આરતી—વંદન, ના પૂજા કી રીત ।
હે અનજાની દરસ—દિવાની મેરી પાગલ પ્રીત ॥
લિએ રી મૈંને દો નૈનોં કે દીપક લિએ સંજોય ।
એ રી, મૈં તો પ્રેમ—દિવાની મેરા દરદ ન જાને કોય ॥
ના મૈં જાનૂ આરતી—વંદન, ના પૂજા કી રીત ।

હે અનજાની દરસ–દિવાની મેરી પાગલ પ્રીત ॥
લિએ રી મૈંને દો નયનોં કે દીપક લિએ સંજોય ।
એ રી, મૈં તો પ્રેમ–દિવાની મેરા દરદ ન જાને કોય ॥

આશા કે ફૂલો કી માલા, સાંસો કે સંગીત ।
ઈનપર ફૂલી, ચલી રિઝાને અપને મન કા મીત ॥
લિએ રી મૈને નૈન–ડોર મેં સપનેં લિએ પિરોય ।
એ રી, મૈં તો પ્રેમ–દિવાની મેરા દરદ ન જાને કોય ॥

(બીજી સાઈડ)

દિલ ડૂબા, તારે મુરઝાએ, સિસક–સિસક ગઈ રૈન ।
બૈઠી સૂના પંથ નિહારુ, ઝરઝર બરસત નૈન ।
દુનિયા કે સબ સપને જાગે, ભાગ હમારા સોય ।
ઓ બેદર્દી, જીવન–બાતી પલપલ વ્યાકુલ હોય ॥
એ રી, મૈં તો પ્રેમ–દીવાની મેરા દરદ ન જાને કોય ॥

માંગ સિંદૂર લપટ બન જાગે, લાગી અગન ચહું ઓર ।
રુઠ ગઈ હાથોં કી મહેંદી, ટૂટી મન કી ડોર ॥
મેરો મનમોહન આયોના સખી રી, રો–રો નૈના ખોય ।
ઘાયલ કી ગત ઘાયલ જાને, જિન લાગી હોય ॥
એ રી, મૈં તો પ્રેમ–દિવાની મેરા દરદ ન જાને કોય ॥

પદ-૭૦૮ ભારતેન્દુ હરિશ્ચંદ્ર

“અહો હરિ બસ અબ બહુત ભઈ ।
અપની દિસિ વિલોકી કરુનાનિધિ, કીજે નાહિ નઈ ॥૧॥
જો હમરે દોષનકો દેખૌ, તૌ ન નિવાહ હમારો ।
કરિકૈં સુરત અજામિલ, ગજકી હમરે કરમ વિસારૌ ॥૨॥
અબ નહિ સહી જાત કોઉ વિધિ ધીર સક્ત નહીં ધારી ।
હરિશ્ચંદ્રકો બેગિ ધાઈકે ભુજ ભરિ લેહુ ઉબારી ॥૩॥
“પ્યારે, અબ તો સહી ન જાત ।

કહા કરૈં કછુ બનિ નહીં આવત, નિસિદિન જીય પછિતાત ॥
જેસે છોટે પિંજરામેં કોઉ, પંછી પરિ પૂછિતાત ।
ત્યોંહી પ્રાન પરે યહ મેરે, છૂટનકોં અકુલાત ॥
કછુ ન ઉપાય ચલત અતિ વ્યાકુલ મુરિ–મુરિ પછરા ખાત ।
હરિચંદ ખીંચો અબ કોઉ વિધિ છાંડિ પાંચ ઔ સાત ॥

પદ-૭૦૯ તાલ વૃક્ષ તે બૈઠે બૈઠે

તાલ વૃક્ષ પે બૈઠે બૈઠે દેખ રહી હોં બાટ ॥
કબ પધારેંગે શ્રી વલ્લભપ્રભૂ કબ મેં જાઉંગી ઉનકે સાથ ॥
જશોમતી કેહત શ્રીવલ્લભ સોં બેગી પધારો મેરે દ્વાર ॥૧॥

પદ-૭૦૯ (અ)

મેરે શ્રી વલ્લભ કો રૂપ તો કહો ના જાય ॥
જાકે રોમ રોમ મેં શ્રીજી બિરાજત, જાકે દર્શન કો સબ તરસત ॥
અપને જન કો દેત હે શિતલતા, ઔરન કો લાગત અગ્નિ ॥
જે જન શ્રી વલ્લભ કો ચાહત, મેરે શ્રી વલ્લભ ઉનકો ચાહત ॥
હે વલ્લભ બુલાલો અપની નિકુંજ મેં, મેરો મન તો યહ હી ચાહત ॥

પદ-૭૦૯ (બ)

શ્રી વલ્લભ બિનુ નાહીં કોઉ મેરો શ્રી વલ્લભ બિનું નાહીં ॥
મેં કછું સોચું ઔરી તોઉ વે સોચે હે મેરી ॥
જહાં જાઉં મેરે સાથ ચલત હે બાટ જોવત હે મેરી ॥
ઐસે વલ્લભ છાંડી, રે મેરે મન,
ક્યોં સોચત તૂ ઔર વલ્લભ કે પ્યારે અબ કૃપા કરો એસી
હોઈ રહું ઉનકી મૈં ચેરી ॥

પદ-૭૧૦ વનસ્પતયઃ વૈષ્ણવાઃ

મન રે, તૂ વૃક્ષનકો મત લેહ ।
કાટે તા પર ક્રોધ કરે નહિ, સીંચે નાહિ સ્નેહ ॥૧॥

જો કોઈ વા પર પથર ચલાવે, તાહી કો ફલ દે ।
આપ શરીર પર ધુપ સહત હે, ઔરનકુ છાયા—સુખ દે ॥૨॥
ધન એ જડ પરમ પદારથ, વૃથા મનુષ્ય કી દેહ ।
'સુરદાસ' મન કર્મ વચન કરી, ભક્તન કો મત એહ ॥૩॥

પદ-૭૧૧ શ્રી વલ્લભનું વાઙ્મય સ્વરૂપ ષોડશગ્રંથ

કરિ મન શ્રી વલ્લભ અંગન ધ્યાન ।
વામ ચરન 'કૃષ્ણાશ્રય' હોય કે,
દક્ષિન ચરન 'સિદ્ધાંત' લખાન ॥૧॥
વામ ઉરૈ 'નવરત્ન' કહીયે,
દક્ષિણ ઉરુ 'ભક્તિવર્ધિની' જાન ।
વામ ભુજા 'વિવેક ધૈર્ય' જાનિ કે,
દક્ષિન ભુજા 'પુષ્ટિ—પ્રવાહ મર્યાદા' માન ॥૨॥
નાભિ 'અંતઃકરણ' કહીયે,
'સિદ્ધાંત મુક્તાવલિ' હૃદય આન ।
'બાલબોધ' શ્રીમુખારવિંદમેં,
'જલભેદ' કંઠ હરિ ગુનગાન ॥૩॥
'સન્યાસનિર્ણય' ભાલજુ ઝલકે,
મસ્તક નિરોધ પ્રમાન ।
'યમુનાષ્ટક' ચતુઃશ્લોકી' દક્ષિન અંગ,
વામઅંગ 'સેવાફલ અરુ 'પંચપદ્ય' જાન ॥૪॥
નિત્યપ્રતિ ક્ષનુ ક્ષનુ સુમિરન કિજૈ,
'રસિક' વલ્લભ ઉર આન ॥૫॥

ભાવાનુપદ

સખી ચલોને ભાવથી ભાવીએ રે
શ્રીવલ્લભ સ્વરૂપનો ભાવ રે લોલ

'ષોડશગ્રંથ'નો સાર છે અપાર રે
પુષ્ટિ વૈષ્ણવી જીવનનો આધાર છે રે લોલ
ષોડશગ્રંથ છે વિખ્યાત શ્રીવલ્લભગીતા રે
દર્શે પુષ્ટિ જીવનની સંવાદિતા રે લોલ
'ષોડશગ્રંથ' શ્રીવલ્લભ સ્વરૂપ જાણજો રે
ધ્યાની વલ્લભ સ્વરૂપ એને માણજો રે લોલ,
સખી ચાલોને ભાવથી......

'કૃષ્ણાશ્રય' બોધે શ્રીકૃષ્ણચરણશરણરે
એને વલ્લભનું જાણો વામ ચરણ રે લોલ
'સિદ્ધાંત રહસ્ય' પ્રભુ ઉપદેશ કારણ રે
શ્રી વલ્લભનું દક્ષિણ ચરણ રે લોલ
'નવરત્ન' દૂરે ચિંતા કરે મન ચંગા રે
એને વલ્લભની જાણો વામ જંગા રે લોલ
'ભક્તિ વર્ધિની'માં બોધે ભક્તિ શેં વધે ગુરુ રે
એને વલ્લભનો જાણો દક્ષિણ ઉરુ રે લોલ
સખી ચાલોને ભાવથી......

'વિવેક ધૈર્યાશ્રય' વર્ણવે ત્રણે સ્વરૂપ રે
શ્રી વલ્લભની વામ ભુજા રૂપ રે લોલ
'પુષ્ટિપ્રવાહ મર્યાદા' દર્શે જીવ જુદા રે
એ તો વલ્લભની દક્ષિણ ભુજા રે લોલ
'અંતઃકરણ' અંતરને દે ઉપદેશ રે
એ શ્રીવલ્લભનો નાભિપ્રદેશ રે લોલ
'સિદ્ધાંત' મુક્તાવલિ' દે છે ઉપદેશ રે
એ શ્રી વલ્લભનો હૃદયપ્રવેશ છે રે લોલ
સખી ચાલોને ભાવથી.....
'બાલબોધ' કરે સિદ્ધ સ્વકીતાનું મનન રે
વલ્લભ—શ્રીમુખનું દે દર્શન રે લોલ

‘જલભેદ’ ગ્રંથ દર્શે વક્તાના રૂપ રે
એ શ્રી વલ્લભના કંઠનું સ્વરૂપ રે લોલ
‘સંન્યાસ’ ગ્રંથવર્ણવે–નિરૂપે ત્યાગ રે
હાં રે વલ્લભનું ભાલ સુભાગ રે લોલ
‘નિરોધ’ ગ્રંથ દર્શે છે ત્યાગનું સાધન રે
શ્રી વલ્લભનું મસ્તક સુહાવન રે લોલ
સખી ચાલોને ભાવથી.....
‘યમુનાષ્ટક’–‘ચતુઃશ્લોકી’ શરણ સ્વરૂપ રે
શ્રી વલ્લભનું દક્ષિણાંગ રૂપ રે લોલ
‘સેવાફલ’–‘પંચપદ્ય’ પરમ ફલરૂપ રે
શ્રીવલ્લભનું વામ અંગરૂપ રે લોલ
સખી ચાલોને ભાવથી......

પદ-૭૧૨ પ્રેમતત્વ

પ્રેમતત્વ કોઈ અજબ સનાતન વિરલ પ્રેમીજન જાણે રે
કોઈ વિરલ પ્રેમીજન જાણે
ભ્રમર અને કલિઓની ભાષા કોઈ રસજ્ઞાની પિછાણે રે–કોઈ
લાખ નયનમાં સ્નેહી આંખડી સ્નેહલ નયન પ્રમાણે,
નથી ઘસવી પડતી નયન કટારો પ્રાચીન પ્રેમ સરાણે
જીવન ઘડે છે જીવન દેવતા એક જ નયન લખાણે
પ્યાલામાં સાગર ભરી પીવા ફક્ત પ્રેમીજન જાણે રે–કોઈ

પદ-૭૧૩ વાસનાનું તાંડવ નૃત્ય

વાસના માત રે તને નવ ગજના નમસ્કાર ।
કોઈક છુપી ક્ષણમાં જ્ઞાનીના ઉરમાં ઉઠી તેની તું આબરૂ લેનાર ॥
જગમાં જોગી થઈ એકાન્તને નિવેશે તોયે તેનો તું પીછો પકડનાર ।
જગની સેવાર્થે નીકળેલાના ઉર ઊંડે યશ રૂપે તારો પગ પેસાર ॥

મંત્રના જ્ઞાતા જેઓ દેવો વશ કરવા ચાહે તેઓ પણ તુજ આગળ લાચાર ।
વિવેકીઓ વાણીમાંથી તુજને સમાવે તો એ અંતરમાં ઉઠવા તું તૈયાર ॥
બ્રહ્મના વાતોડા પણ નિજની પ્રશંસા રૂપે તુજને અંતરમાં સંઘરનાર ।
ખ્યાતી પ્રતિષ્ઠા વિદ્યા ધ્યાનાદિ નિમિત્તે પણ તું ડાહી ડમરી થઈ પેસનાર ॥
સાધુ સતો ભક્તો ને શુરા ઉપર પણ છુપી તારી સત્તા તો ચાલનાર ।
ખાવામાં જોવામાં ને જરા જરા માંથી ઉઠી સોનું તું નાક કાપનાર ॥
નામમાં કામમાં ગામમાં ધામમાં તું તો સહજનને મુંઝવનાર ।
'કોઈક અલબેલો ચેલો' ગુરૂનો નાથેલો તારી કાનપટ્ટીઓ આંબળનાર ॥
પ્રભુની પ્રાપ્તિમાંહી વેગેથી તું વળે તો તારો ને મારો બેડો પાર ॥

પદ-૭૧૪ શ્રીવલ્લભ પ્રગટ ભયે

રાગ ટોડી

હેલી! શ્રી વલ્લભ પ્રગટ ભયે ।
નિજજન–હિત પ્રફુલિત તન પ્રકટિત રસ ભાવ રસ–
સ્ફુરિત મધુ અધર સ્વાદ લેત નિત ગયે ॥૧॥
અતિ ઉદાર નિજાનંદ દાન કર દેત નિત–
હેત અવલોકન તેં પૂરિત રસ ભયે ।
અબકે રસ ઉલટ માન, યમુને તિન સંગ જાન,
ઉભય રસ એક સાન પ્રબલ તાપ તયે ॥૨॥
કેલિ નવ કુંજ રસ પુંજ મૃદુ વેણું રવ,
ક્ષમાકર સુધામય કિરણ ચહુંદિસ છયે ।
'દ્વારકેશ' મધુર વેશ કરુણામય આનંદધન,
વિરહ વહિ રોમ રોમ રાજત ચિત ગયે ॥૩॥

પદ-૭૧૫ વૃન્દાવન અભિલાખ્યો

પ્રભુજી બહોત વિપત મેં ભોગી ।
અતિ પીટવાયો માયાહુતેં કૃપાદૃષ્ટિ કબ હોગી ॥
વિવિધ સ્વાંગ ધર નાચ્યો કૂદ્યો ઈતનો દુઃખ શિર જેલ્યો ।

તોઉ જીય ભાવ ન ઉપજ્યો ફાફડ ફેંદા ખેલ્યો ॥
ખેંચા ખેંચી જનમ બિગાયો જન જન કો મન રાખ્યો ।
નાગરીયાકું ઠોર નહી કહું વૃન્દાવન અભિલાખ્યો ॥

મહાનુભાવ નાગરીદાસ રસિક ભક્ત હતા. કીશનગઢના રાજા હતા. તેમની રસિકતાએ રાજપાટની ઝંઝટમાંથી તેમને મુક્ત કર્યા. પ્રભુ પ્રેમથી ભીંજાયેલા રસિકોના હૃદય મૃદુલ બનેલા હોય છે. તેની સન્મુખ આવેલા દુખીયાના દુઃખને સહન કરી શકતા નથી. આ દુખીયાઓ વૈષ્ણવ સંબંધના મીષે આવતા હોય છે. પુષ્ટિ મારગમાં સ્વર્ગના દેવતાઓનાં ટોળાઓનો તેમજ વૈકુંઠના દેવતાઓનો પ્રવેશ થયો છે. સ્વર્ગના દેવતાઓનો અધિકાર વિષયાનંદમાં છે. અને વૈકુંઠના દેવતાઓનો અધિકાર મોક્ષ સુધી છે. આ બન્નેમાં દિવ્યપ્રેમ નહીં હોવાથી પોત પોતાના સ્વાર્થ સિદ્ધ કરવા રસિક ભક્તોમાં ભાવ બતાવે છે. રસિકોમાં ભગવાને સર્વજ્ઞતા આપી નથી તેથી આવા સ્વાર્થી લુટેરાઓની વાકજાળમાં ફસાઈ, પોતાના દિવ્ય પ્રેમમય અનમોલ જીવનને વેડફી ન નાખે તે માટે પ્રભુ તેને લુટેરાઓથી કડવો અનુભવ કરાવી તેમની જાળમાંથી બચાવે છે. નાગરીદાસજીએ પોતાના કડવા અનુભવને જ કાવ્યમાં વ્યક્ત કર્યું છે.

વ્યોમોહિકા માયા અને વિશ્વરૂપીણી દૈવી માયા પ્રભુ પ્રેમીઓની વિરોધીની છે. તે માયા પ્રભુ પ્રેમને પ્રેમધામમાં પ્રવશ કરવા દેતી નથી. ગીતાજીમાં ભગવાને કહ્યું છે ''મમ માયા દુરત્યા' મારી દૈવી ગુણમય માયાને તરવી બહુ કઠીન છે. મારા એકના શરણે આવવાથી તરી શકાય છે. પ્રભુ પ્રેમીઓએ આ લુટેરાઓની દુનિયામાં બહુ જ સાવધાન રહેવાનું છે.

પ્રેમી પરિચય ના કરે એક શ્યામ વિન અન્ય ।
જગમાં સુતા જાગતા પ્રભુમાં પ્રેમ અનન્ય ॥

આવો પ્રેમીજન જ દિવ્ય પ્રેમ રાજ્યમાં પ્રવેશ કરી શકે છે. તેથી જ નાગરીદાસ કહે છે કે 'વૃન્દાવન અભિલાખ્યો'.

પદ-૭૧૬

રાગ સારંગ

અપન કો આપન પ્રકટ જનાયો,
શ્રીવલ્લભ અવતાર સનાતન
વેદ પુરાતન ગાયો ॥૧॥
ભક્ત પૂરન રૂપ પુરુષોત્તમ
શ્રી લછમન ભટ જાઓ.
શ્રી ભાગવત સુદ્રઢ કરકે શ્રુતિ
જગત નિશાન બજાયો ॥૨॥
નાચત દેવ કિન્નર મુનિ નારદ
સબહિન કે મન ભાયો
હરખત અતિ પ્રફુલ્લિત મન સુરપતિ
વિવિધ કુસુમ બરખાયો ॥૩॥
જયજયકાર હોત તિહુંપર
ધર ધવ બોત બધાયો,
મહાપ્રસાદ ચરનજરજ પંકજ
"માધોદાસ" બલિ પાયો ॥૪॥

પદ-૭૧૭

રાગ બિહાગ

જગ મેં સોઈ જીવ બડભાગી,
શ્રીવલ્લભકી સરન આયકે હરિકી સેવા માગી ॥૧॥
શ્રીભાગવત રસપાન કરત નિત સતસંગત અનુરાગી,
રાખત દયા સબૈ જીવન પર લોકસેવાના ત્યાગી ॥૨॥
ઔર બાત મનમેં નહીં આવે હરિસુ લગની લાગી,
"દાસ" કી વિનતી હરિપદ પંકજ પકરત સોઈ સુહાગી ॥૩॥

પદ-૭૧૮ શ્રી વલ્લભ

મને લાગી કટારી વલ્લભ પ્રેમની પ્રેમની પ્રેમીની પ્રેમની રે......
મને લાગી લગન વલ્લભ દેવની
દેવની દેવની દેવની રે.....
મને લાગી કટારી વલ્લભ પ્રેમની ॥૧॥
વલ્લભ વિરહને મારગ જાતા
હાથ બિકાની પ્રેમ દેવની
દેવની દેવની દેવની રે....
મને લાગી કટારી વલ્લભ પ્રેમની ॥૨॥
લોગ કહે હું તો ભયીરી બાવરી
હું તો સદાએ એમની
એમની એમની એમની રે.....
મને લાગી કટારી વલ્લભ પ્રેમની ॥૩॥
ઘાયલ કી ગત ઘાયલ જાને
તોએ બંધાણી નેમની
નેમની નેમની નેમની રે...
મને લાગી કટારી વલ્લભ પ્રેમની ॥૪॥

પદ-૭૧૯ શ્રી વલ્લભ

શ્રી વલ્લભ વલ્લભ રટત હું ।
કબ આવે મેરો પિય મોહિલે જાય વોહી સરોવર ॥
જહાં ન નિશા ન ભોર બસ એક લાવણ્યામૃતકી ધાર ।
વોહી રસ મોહે ભાવે હે ઓરન સોહાય મોહે છિલ્લર ॥
યહ રસ તો મીલે હે વલ્લભીયન કી ચરણા રજ મેં ।
વલ્લભીઓ મુજે બુલાવો વલ્લભીઓ મુજે બુલાવો ॥
અહમ તવાસ્મી અહમ તવાસ્મી અહમ તવાસ્મી ॥

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદીવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No.: K 07

લભની કુંજમાં રે,
ચ્યું પીયુના દેશમા રે,
સહુ મને બોલાવે,
સંકેત કરે છે સહુ સાનમાં રે,
દાસ કહે હું અવરન માંગુ,
બોલાવત કૃષ્ણાસ્ય કુંજમાં રે,
મારે જાવું શ્રી વલ્લભની કુંજમાં રે

પદ-૭૨૧ માહાત્મ્ય તથા શિક્ષા મધલાળ

ઘર્રર્ર ઘર્રર્ર કરતું એક વિમાન આકાશમાર્ગે ઉડ્યું જાય છે. વિદ્યાધર અને તેની પત્ની વિમાનમાં બેઠાં બેઠાં પૃથ્વી પરના પ્રદેશોનું નિરીક્ષણ કરતા જાય છે. જોત જોતામાં એ વિમાન એક ભયંકર જંગલ ઉપર આવી પહોંચ્યું. નીચેનું દશ્ય જોતાં કરુણાથી આર્દ બનેલી વિદ્યાધરની પત્ની થોડીવાર વિમાન ઊભું રાખવાની વિનંતી કરે છે. વિમાન થંભી જાય છે. નીચે જુએ છે તો ઘાસ છવાયેલા અવાવરૂ કૂવામાં એક પુરુષ વડવાઈ પકડીને લટકી રહ્યો છે! જરા ઝીણી નજરથી જોતાં તેની ઉપર—નીચે અને આસપાસ પ્રાણસંકટની પરંપરા લાગી રહી છે! કૂવામાં એક વિશાળકાય અજગર મોઢું ફાડીને તેનો ગ્રાસ કરવા તત્પર થઈ બેઠો છે! કૂવાને ચારે ખૂણે ચારે વિષધર કાળસર્પ જીભના લબકારા કરતા ફુંફાડા મારી રહ્યા છે! અધૂરામાં પૂરૂં કૂવાના કાંઠા ઉપર ઊભેલો એક મદમસ્ત વનહાથી પોતાની સુઢ લંબાવીને તેને પકડવાનો પ્રયાસ કરે છે, પણ સુંઢ પહોંચી ન શકવાથી જેની વડવાઈએ તે પુરુષ લટકી રહ્યો છે, તેને એક કાળો અને ધોળો એમ બે ઊંદર કાપી રહ્યા છે! અધૂરામાં પુરૂં કૂવાના કાંઠા ઉપર ઉભેલો એક મદમસ્ત વનહાથી તેને પકડવાનો પ્રયાસ કરે છે, પણ સુંઢ પહોંચી ન શકવાથી જેની વડવાઈએ તે પુરુષ લટકી રહ્યો છે, તે

વડને ઊખેડી નાખવા માટે વડના થડને સુઢથી પકડીને હચમચાવે છે! વડની ઊંચી ડાળીએ મધપુડો છે, વડને આંચકો લાગતા મધપુડામાં ભરાઈ બેઠેલી મધમાખીઓ ગુંજારવ કરતી ઊડે છે અને તે અભાગી પુરુષને તીક્ષ્ણડંખ મારી વેદના ઉપજાવી રહી છે! આમ ચારે તરફની વિપત્તિમાં ઘેરાયેલ તે પુરુષ વ્યગ્ર બની જાય છે! તેના હોઠ અને જીભ સુકાઈ જાય છે! સહાયને માટે ઊંચી દૃષ્ટિ કરે છે, તો તે જ વખતે મધપૂડામાંથી એક મધબિંદુ ટપકીને બરાબર તેના મોઢામાં પડે છે! 'આહાહા! શું મીઠાશ છે!!' મધુબિંદુના આ સ્વાદમાં પ્રાણસંકટને પણ તે પળવાર વીસરી જાય છે! વિદ્યાધરપત્ની, આ અભાગી પુરુષને ઉગારવા માટે તેને વિમાનમાં લઈ લેવાની પોતાના પતિને વિનંતી કરે છે. વિમાન જરા નીચે આવતા વન હાથી જરા દૂર જાય છે એટલે વિદ્યાધર તે પુરુષને વિમાનમાં આવી જવાનું કહે છે. ત્યારે તે પુરુષ જવાબ આપે છે : 'દેવ! જરા થોભો. મારે આવવું તો છે જ; પણ જુઓ, પેલું મધબિંદુ હમણાં જ મારા મોઢામાં પડશે, તેનો સ્વાદ લઈ લેવા દો.

મધબિંદુ એક પછી એક મોઢામાં પડતા જાય છે. તેમ તેમ વધારે લોભ જાગે છે. છેવટે કંટાળીને, આત્મોદ્ધારની પરવા વિનાના તે પુરૂષને તેના ભાગ્ય ઉપર છોડીને વિદ્યાધર પોતાનું વિમાન હંકારી જાય છે.

ગુરૂદેવના મુખથી દૃષ્ટાંત શ્રવણ કરીને શિષ્ય બોલ્યો : "કૃપાનાથ! દૃષ્ટાંત તો આપે બહુ જ સુંદર આપ્યું, પણ એનો આશય હું સમજ્યો નથી, તે સમજાવવાની કૃપા કરો.'

'એ જ કહું છું, વત્સ!' આમ કહી ગુરૂદેવે સ્પષ્ટતા કરી : 'ભાઈ! પુરૂષરૂપી જીવ, ભવાટવીમાં ભટકતો મનુષ્ય જન્મના કુવામાં પડી જાય છે અને વડવાઈ રૂપી આયુષ્યની દોરીને આધારે તે લટકી રહી છે. અજગર છે તે નરક છે. કામ, ક્રોધ, માયા ને લોભરૂપી

k o 76

ચાર કાળ સર્પો ડસવાને માટે તત્પર થઈ રહ્યા છે, મૃત્યુરૂપી હાથી તેને પોતાનો કોળિયો બનાવવા પ્રયત્ન કરે છે. કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ રૂપી કાળા ધોળા બે ઊંદરો તેના આયુષ્ય દોરીને કાપી રહ્યા છે. વ્યાધીરૂપી મધમાખીઓ તિક્ષ્ણ ડંખ મારે છે. આવે વખતે કરૂણાથી પ્રેરાયેલા વિદ્યાધર રૂપી ગુરૂદેવ, સિદ્ધાંત વચનોથી ભક્તિરૂપી વિમાનને આશ્રયે આવી, જન્મ–મરણના ત્રાસમાંથી મુક્ત થવા તેને સમજાવે છે, પણ વિષયોની મધલાળમાં લપટાયેલો જીવ તેમાંથી નિવૃત્ત ન થતાં અનંત દુ:ખના કુપમાં નિમગ્ન થઈ ઉત્તમ મનુષ્યજન્મને એળે ગુમાવે છે.'